# પ્રવચન નં. ૧

## ગાથા ૧૪

ફાગણ વદ ૧૧, શનિવાર, તા. ૧૧-૩-૧૯૭૨

આ પુરૂષાર્થસિદ્ધિ ઉપાય છે, ૧૪મી ગાથા છે. **આગળ આ સંસારનું મૂળ કારણ બતાવીએ છીએ**. અનાદિ સંસારનું મૂળ કારણ શું છે એ આમાં બતાવે છે. ગાથા.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ।।१४।।**

કહે છે કે આ ભગવાન આત્મા શુદ્ધ આનંદધામ, એ ચીજ પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગ અને શરીર આદિથી ભિન્ન છે. છે ? **આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી સંયુક્ત નથી**.... માથે તો કહેવાણું છે. જુઓ ! ..... **એ રીતે આ આત્મા**... 'એ રીતે' એટલે શું ? કે આત્માની દશામાં વિભાવ—શુભ અને અશુભ રાગનું થવું, એ કર્મના સંગના નિમિત્તે થાય છે. (પર્યાય)સ્વભાવના અંતર કારણે એ વિકાર શુભ અને અશુભભાવ મલિન અને મેલા એ નિમિત્તના લક્ષે થાય છે. એમ કીધુંને ? **એ રીતે આ આત્મા કર્મોના કરેલા**... એમ. જેમાં કર્મ નિમિત્ત છે. ભાષા એમ છે કે 'કરાયેલા'. **कर्मकृतै**.. એનો અર્થ કે એ સ્વભાવનું કાર્ય નહીં. સમજાય છે કાંઈ ?

**कर्मकृतैर्भावै**.. એટલે શુભ કે અશુભ રાગ એ કર્મના નિમિત્તે થતો ઉપાધિ વિભાવભાવ છે અને શરીરાદિ, લક્ષ્મી આદિ એ બધા પણ કર્મના નિમિત્તથી (આવેલી) સંયોગી ચીજ છે. એ પુણ્ય અને પાપ, ચાહે તો દયા-દાન-વ્રત-ભક્તિનો ભાવ હો કે ચાહે તો હિંસા-જૂઠું-ચોરી-વિષય-ભોગવાસના હો, એ વિભાવભાવ કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલો... વિકારી પરિણામ(નો) કર્તા અજ્ઞાની પોતે, પણ એમાં નિમિત્ત કર્મનું છે. એથી એ રીતે આ આત્મા કર્મોનાં કરેલા... આ રીતે... કર્તા પોતે, પણ કર્તામાં નિમિત્તપણું.... વિભાવ છે, વિકાર છે, દુષ્ટ છે, મેલ છે માટે એનું નિમિત્ત કર્મ–પરચીજ છે. એવા રાગાદિ અને શરીરાદિ.... શુભ અને અશુભભાવ કે શરીર આદિ **असमाहितो**... પ્રભુ આત્મા એનાથી સહિત નથી. આહાહા ! અત્યારે. અત્યારે સહિત નથી. કારણ કે એ વિકારી પરિણામ એ આસ્રવતત્ત્વ, ભિન્ન તત્ત્વ છે. શરીર, વાણી-મન, એ ભિન્ન અજીવતત્ત્વ છે. આ અજીવ અને પુણ્યનો ભાવ, ચાહે તો ભગવાનની ભક્તિનો હો, ચાહે તો મહાવ્રતનો હો, કરુણાનો,

સેવાનો, પ્રભુની સ્તુતિનો, શાસ્ત્ર સાંભળવાનો, શાસ્ત્ર કહેવાનો, સમજાણું કાંઈ ? એ રાગ છે અને એ રાગના નિમિત્તપણામાં કર્મ નિમિત્ત છે એથી એ ઉપાધિભાવ છે. આહાહા !

એણે **સંયુક્ત ન હોવા છતાં**.... ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ સમાધિ અને આનંદ સહિત પ્રભુ આત્મા છે. એને આવા વિકારી પરિણામ અને શરીરથી રહિત છે. એ તત્ત્વ જ એવું છે કે વિભાવ અને સંયોગી ચીજથી અસંયોગી અને સ્વાભાવિક વસ્તુ ભિન્ન છે...વિભાવથી... એવો હોવા છતાં અજ્ઞાની જીવોને **સંયુક્ત જેવો પ્રતિભાસે છે**. આહાહા ! અજ્ઞાનીને મિથ્યાભ્રમ–મિથ્યા દ્રષ્ટિમાં રાગ સહિત છું, શરીર સહિત છું.... અંદર આવશે આગળ. સમજાય છે ? પુણ્ય-પાપના નામ આપ્યા છે ઘણા. વર્ણ, ગંધ, કર્મ, પુત્ર-મિત્ર-મકાન-ધન-ધાન્ય—બધા સહિત છું એમ જે માને છે, એણે મિથ્યાત્વભાવ સંસારમાં રખડવાનું અધર્મ બીજ છે. આહાહા ! સમજાય છે કાંઈ ? ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ એણે પુણ્ય ને પાપના વિકલ્પ વિનાનો છે, એને પુણ્ય ને પાપવાળો માનવો એ જ મિથ્યાત્વભાવ ને ભવનું બીજ છે. આહાહા ! કહો, રતિભાઈ ! તો આ પૈસાનું શું કરવું ? આહાહા !

પાછળ છે બધું, જુઓ ! પાછળ લખાણમાં છે. **કર્મકૃત્ય કહીએ છીએ.... વિપરીત ભાવોરૂપે પરિણમે છે તેનો કર્તા તો જીવ જ છે, પણ જીવનો નિજભાવ નથી તેથી કર્મકૃત્ય કહીએ અથવા કર્મ કરેલા જે નાના પ્રકારના પર્યાય વર્ણ, ગંધ, રૂપ, સ્પર્શ, કર્મ અથવા દેવ-નારક-મનુષ્ય-તિર્યંચશરીર, સંહનન**–હાડકાંની મજબૂતાઈ, **સંસ્થાન**–શરીરનો આકાર એવા **ભેદ અથવા પુત્ર, મિત્ર, મકાન, ધન, ધાન્યાદિ,** આબરૂ આદિ... (શ્રોતા : એમાં મોટર રહી ગઈ). કહો, સુમનભાઈ ! એમાં મોટર શેમાં આવે ? એ બધું આવી ગયું એમાં. મોટર ને ફોટર ને... કહે છે, **એ બધા ભેદથી શુદ્ધાત્મા પ્રત્યક્ષ ભિન્ન છે**. આહાહા ! છતાં એને... એ આહીં સાધારણ લેવું છેને પહેલું ?

**અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે**. આહાહા ! નિર્મળ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એનું અજ્ઞાની જીવોને ભાન નહીં હોવાથી, એ પુણ્ય ને પાપ, શુભ અને અશુભ રાગ.... આહાહા ! ઝીણી વાત છે. અનંત કાળમાં એણે.... આ ભવનું બીજ મિથ્યાત્વ છે, મિથ્યાત્વ એ અધર્મ છે, મિથ્યાત્વ એ સંસાર છે, મિથ્યાત્વ એ આસ્રવ છે, મિથ્યાત્વ એ આકુળતા છે, મિથ્યાત્વ એ દુઃખ છે. આહાહા ! એ દુઃખ છે, કેમ ? કે જે એની ચીજમાં નથી એને પોતાનું માનવું એવો મિથ્યાત્વભાવ એ સંસારનું બીજડું ચાર ગતિમાં રખડવાના, નરક અને નિગોદમાં જવાના પંથ છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

એ મિથ્યાત્વનું પાપ શું છે ? એનું ફળ શું છે ? એની એની ખબર નથી. આ કંઈ હિંસા કરે, કંઈ વિષય ભોગવે, તો કહે કે આ પાપ છે. આત્મા પોતાનો નિજસ્વભાવ છોડી, જે એનામાં નથી એને વિષય બનાવે અને એ સહિત માને એ મિથ્યાદ્રષ્ટિ વ્યભિચારી જ વિષયનો સેવનાર છે. આહાહા ! સમજાણું કાંઈ ? અનંત કાળમાં કાંઈક રહી ગયું (હોય તો) આ. બાકી તો ક્રિયા દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-સેવા-સ્તુતિ અનંત વાર કરી. આહાહા ! અનંત વાર દીક્ષા, અનંત વાર આચાર્યપદ લીધું આ બાહ્ય દ્રવ્યલિંગી, પણ એ જડની દ્રવ્યલિંગની નગ્નપણાની ક્રિયા અને અંતર પંચ મહાવ્રતના, ૨૮ મૂળગુણના વિકલ્પ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવી જે વૃત્તિઓ—એ વૃત્તિ અને ક્રિયાથી રહિત ચૈતન્ય છે. આહા ! સમજાણું કાંઈ ?

એમ ન જાણતાં અજ્ઞાની, રાગની ક્રિયા, દેહની ક્રિયા સહિત છું (એમ માને છે). એ અજ્ઞાની જીવો **बालिशानां**... બાલિશ એટલે અજ્ઞાની, મૂરખ, પોતાની જાતનો અજાણ અને કજાતને પોતાની જાતમાં ભેળવનાર, એમ કહે છે. આહાહા ! **बालिशानां युक्त एव प्रतिभाति**... એ શુભ આદિ વિકારના પરિણામ–વૃત્તિઓ ઊઠે છે, ભગવાનનું સ્મરણ અને ભગવાનની સ્તુતિ અને ભગવાનની ભક્તિ એ બધો રાગ છે. એ રાગરહિત ચૈતન્ય છે, છતાં દ્રષ્ટિમાં રાગ સહિત ભાસે છે અજ્ઞાનીને, એ પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. આહાહા ! ગળે ઉતરવું કઠણ પડે. પણ એને જોવું જ ક્યાં છે ? આહા ! એ તો ચૈતન્ય નિર્મળાનંદ.... આહાહા ! કહે છે.... બહુ ટૂંકા શબ્દમાં અધર્મ ને ટૂંકા શબ્દમાં ધર્મની વ્યાખ્યા છે આ. ભગવાન ચિદાનંદસ્વરૂપ પ્રભુ અનાદિ-અનંત નિર્મળ ચૈતન્યજ્યોત છે. એ ભગવાન તો પુણ્ય ને પાપની.... ચાહે તો દુનિયાની કરુણા ને કોમળતા ને પરોપકાર કરવાની વૃત્તિઓ, આ દાનની વૃત્તિઓ... એ દાનની વૃત્તિ એ રાગ છે ને પૈસાના દાનના પરમાણુ અજીવ છે, એનાથી સહિત માનવો.... રહિત છે અને સહિત માનવો. આહાહા... ! સમજાય છે કાંઈ ?

અમે મંદિર બનાવ્યા, અમે પુસ્તક બનાવ્યા, અમે દાનમાં પાંચ લાખ આપ્યા, કહે છે કે એ ચીજ પર છે. એને મેં બનાવી અને એ મારા સહિત ચીજ છે.... રહિત છે છતાં સહિત માની. દાનમાં પણ રાગનો મંદભાવ થાય એનાથી રહિત આત્મા છે. આહાહા ! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, એમ કહે છે, તેનો વિષય જે દેવ-ગુરુ-શાસ્ત્ર અને અશુભ રાગ અને એનો વિષય સ્ત્રી-કુટુંબ અને પરિવાર-ધંધો... આહાહા ! એ બે ક્રિયાથી રહિત આત્મા છે. લ્યો, મણિભાઈ આવ્યા અત્યારે ? સંભળાય છે મણિભાઈ ? .... હવે આવ્યા છે તો સાંભળે તો ખરા. કહે છે, આ વકીલાતના ધંધા એ બધી જડની ક્રિયા છે. દલીલ કરવી ને

પુસ્તકના પાનાં ફેરવવા એ જડ(ક્રિયા) અને એમાં રાગ થાય વિકાર—એ બેયથી રહિત આત્મા છે, છતાં એના સહિત માનવો એ જ અજ્ઞાનીઓનો મિથ્યાત્વ અને સંસારનું બીજડું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એમ આ વેપાર-ધંધા સંસારના... થડે બેસીને અમે આમ વેપાર કરીએ છીએ ને અમે આમ કરીએ છીએ, બે-પાંચ લાખ પેદા કરીએ છીએ. એ ચીજ એની નથી, એનામાં નથી, એ સહિત નથી. એ રમણિકભાઈ ! શું હશે આ બધું ? મોટરપાર્ટ્સ ને શું બધા હશે? આહાહા ! નાણાના ધંધા ને મોટરના ધંધા ને ચા ને બીડીયું ને તમાકુ, સાકર ને બદામ ને મોટા તાંબા ને લોઢા (આદિ) બધા અનેક પ્રકારના ધંધા—એ બધી ચીજોથી તો આત્મા રહિત છે. કપડાનો.. એ પોપટભાઈ! આહાહા ! કપડાના અસ્તિત્વમાં આત્મા નથી અને આત્માના હોવાપણામાં કપડાંનો ધંધો નથી. છે ? આહાહા ! હવે આ ઘરાક-બરાકનું કેમ હશે વિમલ ? આ જમીન અમારી. એ જમીન અમારી છે, અમારી ૫૦ હજારની પેદાશ છે. કહે છે કે જમીન અને પેદાશ જડ અને પરચીજ છે. એનાથી રહિત પ્રભુ ચૈતન્ય છે. એનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું, વૃક્ષનું જેમ બીજ એમ સંસારનું આ મહાબીજ છે. આહાહા ! કહો, સમજાણું કાંઈ ?

આ બધા લોઢાના કારખાના હોય છેને ? આ શું કહેવાય બધું ? દવાનું આ તમારું કેશુભાઈ ! આ શું દવા-બધા ને બધી શીશીયું.... આહાહા ! એ પર પદાર્થ–ચીજ **असमाहितो**... ત્રણે કાળે એનાથી રહિત છે. અને તે પરપદાર્થના લક્ષે થતો શુભ-અશુભ રાગ એનાથી તે **असमाहितो**... (એટલે) સહિત નથી. છતાં અંતરમાં એનાથી સહિત છું એવું જે અજ્ઞાનીનું માન્યપણું–માન્યતા એ સંસારના નરક, નિગોદનું બીજ છે. સમજાણું કાંઈ ? આહાહા ! થયું ?

**તે પ્રતિભાસ જ નિશ્ચયથી**... એમ છે ને ? **खलु**–ખરેખર... જેના રહિત છે તેના સહિત માનવો એવી જે મિથ્યાબુદ્ધિ, મિથ્યાશ્રદ્ધા, સત્યથી ઊંધું અસત્ય–જૂઠાણું.... સત્સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું સ્વરૂપ છે, એવા સત્સ્વરૂપને.... આ રાગ અને પરસંયોગ જે અસત્ ચીજ છે એ અસત્ સંગથી (રહિત) ભગવાન સત્સ્વરૂપ છે. આહાહા ! તે જ અજ્ઞાનીઓને ભવનું બીજ છે, એમાં ભવ ફાલે છે. નરક અને નિગોદના, કીડા ને કાગડાના ભવ એનું બીજડું આ છે, એમાંથી એ ભવ ફાલે છે. આહાહા ! ચંદુભાઈ ! શું કરવું આમાં ? ઈંજેક્શન ને દવાઓ બધું ધ્યાન રાખે...... કહો. એય ! આહાહા ! તારો ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાન ને આનંદ આદિ શુદ્ધ સ્વભાવનો ભંડાર, એને આ અશુદ્ધ સહિત માનવો, આ ટૂંકું..... એ અજ્ઞાનીનું ભવનું બીજ છે.

**ટીકા**. એનો (ગાથાનો) વિસ્તાર કરે છે. **આવી રીતે આ આત્મા**.... 'આવી રીતે' (કહીને) તેરમી ગાથા સાથે સંબંધ (સ્થાપિત) કરે છે. **કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી**.... 'કરેલા' એટલે ? એ બધો ઉપાધિનો ભાવ.... આહાહા ! ભારે વાત ભાઈ ! ત્રણ લોકના નાથ એમ કહે છે, સર્વજ્ઞદેવ પરમાત્મા પૂર્ણ આનંદનો ધામ એની વાણીમાં એમ આવે છે કે અમારી સ્તુતિ પ્રત્યેનો તને જે રાગ છે, (પણ) તારો આત્મા તો રાગરહિત છે. આહાહા ! એને રાગસહિત (માનવો કે) આ ભક્તિના રાગવાળો હું છું, એ ભવનું બીજ છે.

**સંયુક્ત નથી તો પણ અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી...** વળી પાછું આમાં કર્મને કારણે આમ છે ને ફલાણાને કારણે આમ છે, એમ નહીં. પોતાની જાતને ન જાણતો... (શ્રોતા : ....) પોતાના અજ્ઞાનથી... આહાહા ! 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' કોઈ ઈશ્વર એને રખડાવે છે કે કર્મ એને અજ્ઞાન કરાવે છે—એમ છે નહીં. આહાહા ! **પોતાના અજ્ઞાનથી**... વળી જ્ઞાનસ્વરૂપ છે અને વળી પોતાના અજ્ઞાનથી ? શું થયું ? ભાઈ ! એ ચૈતન્યબિંબ પ્રભુ, એ ચૈતન્યની આંખ્યું જગતની આંખ છે એ તો. આહાહા ! જગતરૂપ નથી. જગતના રાગ અને જગત—એ બધું જગત છે. એ રાગ ને દુનિયા આખી એનાથી ભગવાન ચૈતન્યપ્રભુજ્યોત સહિત નથી, રહિત છે. એ અજ્ઞાનીને **કર્મજનિત ભાવોથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે**. અંદરમાં એ મેલવાળો ભાસે છે કહે છે. આહાહા! સમજાય છે કાંઈ ? એ ચૈતન્યના પ્રકાશના પૂર એવો પ્રભુ આત્મા મેલ વિનાનો હોવા છતાં અજ્ઞાનીને મેલવાળો ભાસે છે, એ સંસારનું બીજ છે.

**ભાવાર્થ : પહેલાં એમ કહ્યું કે પુદ્‌ગલકર્મને કારણભૂત રાગાદિભાવ છે**... પહેલી ૧૨ અને ૧૩મી ગાથામાં કહ્યું છે. બે ગાથા જુદી છે. **પુદ્‌ગલકર્મને કારણભૂત રાગાદિભાવ છે**. શું કહ્યું ? નવું જે કર્મ બંધાય એમાં નિમિત્ત જીવનો પુણ્ય ને પાપનો રાગ છે. નવા કર્મ જે રજકણો બંધાય એનું નિમિત્ત પુણ્ય ને પાપનો રાગ છે. એ કર્મના બંધનમાં નિમિત્ત છે. એક વાત. **રાગાદિભાવનું કારણ પુદ્‌ગલકર્મ છે**. આત્મામાં જે પુણ્ય ને પાપના વિકલ્પ–રાગ છે એનું નિમિત્તકારણ કર્મ છે. **તેથી આ આત્મા નિજ સ્વભાવની અપેક્ષાએ કર્મજનિત નાના પ્રકારના ભાવોથી જુદો ચૈતન્યમાત્ર વસ્તુ છે**. સમજાણું કાંઈ ? આહાહા ! શબ્દો સહેલા છે, (પણ) અંદર ભાવ અલૌકિક છે ભાઈ ! આહાહા !

કહે છે, એમ જે કહ્યું હતું કે તારામાં (થતા) પુણ્ય ને પાપના ભાવ એમાં નિમિત્ત કર્મ હતું અને નવા કર્મ બંધાય એમાં નિમિત્ત તારા પુણ્ય ને પાપના ભાવ હતા. **તેથી આ આત્મા નિજ સ્વભાવભાવની અપેક્ષાએ**, એમ. **કર્મજનિત અનેક પ્રકારના ભાવોથી**.... વિકારી

પરિણામમાં કર્મ નિમિત્ત છે, તેથી વિકારીભાવથી રહિત સ્વભાવભાવની અપેક્ષાએ એ વિભાવથી રહિત છે. કેમકે એમાં કર્મનું નિમિત્ત આવ્યું ઉપાધિમાં. નિજસ્વભાવભાવ... ભગવાન આત્મા જ્ઞાયકભાવનું હોવાપણું, પોતાનું આનંદ ને જ્ઞાનમાં હોવાપણું એવો નિજભાવસ્વભાવ, એની અપેક્ષાએ પુણ્ય-પાપમાં કર્મનું નિમિત્ત છે માટે તેને કર્મજનિત અનેક પ્રકારના ભાવો કહેવામાં (આવ્યા છે). કર્મજનિત કહેવામાં આવ્યા એમ કહે છે.

અને તેથી તે **જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે**. ચૈતન્યબિંબ જ્ઞાનનો સ્વભાવ... બહુ ઝીણું પડે. આહાહા ! અહીં તો એક જરીક પ્રતિકૂળતા આવે ત્યાં (માને કે) મને આવી, અનુકૂળતા થઈ તો મને થઈ. પણ પ્રતિકૂળતા-અનુકૂળતા તો પરજ્ઞેય છે. આહાહા ! આહાહા ! ૫-૧૦ લાખ રૂપિયા આવ્યા હોય અને જ્યારે જાય ત્યારે એને એમ થાય કે અરે ! આવ્યા સમાય પણ ગયા સમાય નહીં. ગયા સમાય નહીં એમ વાતું કરે વાણિયા. (શ્રોતા : ....) પણ આવ્યા છે ક્યાં એની પાસે ? એના ક્યાં છે ? એ જ કહે છે કે આવ્યા એટલે મારા હતા તે આવ્યા ? એ તો એને કારણે ત્યાં આવ્યા છે. એ તારા ક્યાં હતા ? એ તો અજીવતત્ત્વ છે. શું હશે આમાં ? આહાહા ! અરે ! તું ચૈતન્ય ભગવાન છોને ! તારામાં તો પ્રભુતા પડી છે. આવી પામરતાનો ધણી થા અને પામરતા સહિત માન તો મિથ્યાદ્રષ્ટિ મૂઢ છો એમ કહે છે. આહાહા ! છેને, આ પાનું સામે પડ્યું છે. આહા ! પણ અંદરનું પાનું ભૂલી ગયો માળો. આહાહા !

જરીક કાંઈ ઠીક પડે ત્યાં, આહા ! મજા છે ને બાદશાહી છે. ૫-૨૫ હજાર પેદા થાય છે, મૂકો લાપસીના આંધણ. આહા ! ભગવાન ! તારે ઘેર તો અગ્નિ સળગે છે કહે છે. આ મને મળ્યા ને મારા... આહાહા ! ગજબ વાત છે. ત્યાં તો મિથ્યાત્વની આકુળતા સળગે છે. આહાહા ! કહ્યું નહોતું કાલે ? ધણી મરે ત્યાં દુઃખાણી, એમ કહે. અરે ભગવાન ! આ ચૈતન્યધણી દ્રષ્ટિમાં મરી ગયો, એ દુઃખાણું છે. આહાહા ! આહાહા ! અરે ! એની ખબરું ન મળે અને અહીં જરી ધણી મરે, પૈસો જાય, શરીરમાં રોગ થાય, આહાહા ! વીમાવાળો ભાંગે, ધંધો અહીં ઘટે તે દિ' વીમાવાળો ભાંગે, ચારેકોરની ફરે ત્યારે એને થાય કે અરે ! અરે ! દુઃખી છીએ. અરે ! એ દુઃખીના લક્ષણ નહીં. તેં બીજે ગજે–ઊંધે ગજે માપ્યું. આહાહા ! સમજાણું કાંઈ ? એ બધું મને થયું એવી જે માન્યતા એ જ મિથ્યાત્વનું મહાદુઃખ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

'સુખિયા જગતમાં સંત દૂરીજન દુઃખિયા.' જેણે રાગ ને પરને ન માન્યો અને સ્વભાવ ચૈતન્યને જાણ્યો, એ જીવ સુખિયા છે. ચાહે તો નરક ને નિગોદ... નરકમાં પડ્યો હોય જીવ. આહાહા ! અરે ! આ ગજ તે કઈ જાતના ! સાતમી નરકનો નારકી, પણ જેને રાગ અને

શરીરથી ચૈતન્યપ્રભુ ભિન્ન છે એવું જ્યાં ભાન–આત્મજ્ઞાન થયું, એ સુખી છે. ૯૬ હજાર રાણીઓ અને ૯૬ કરોડ પાયદળ, આહાહા ! એ ૯૬ કરોડ કહેવા (કે) ૯૬ લાખ કહેવા..... ઓહો ! આહાહા ! કહે છે કે એ મારા (અને) હું એનો (માને) એ મોટો દુઃખી છે. આહા ! કહો, સમજાણું કાંઈ ? કઈ જાતની હશે આ વાત ? આ ભગવાનના કહેણ છે. બાપુ ! તું તારા આત્માને વર, રાગને ન વર હવે, એમ કહે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આવા મનુષ્યદેહ મળ્યાને પ્રભુ ! તને. આહાહા ! પ્રભુ પાસે ચિંતા કરે પણ કાંઈ વળે એવું નથી, કહે છે આહીં તો. એ કાંઈ દે એવું છે કોઈ ? હે ભગવાન ! હવે તો આપ કાંઈ હાથ ઝાલો. ભગવાન કહે છે કે એ તારી મૂર્ખાઈ છે. સમજાણું કાંઈ ? આહાહા ! ભગવાન પરદ્રવ્ય છે અને એના તરફ લક્ષ જાય ત્યારે રાગ (થાય) એ પર વિકાર છે. હવે એમાંથી તરવાનો ઉપાય એણે ગોતવો. ચંદુભાઈ ! આવો માર્ગ છે ભગવાન ! આહાહા !

કહે છે, એ ભગવાન આત્માનો નિજ સ્વભાવ જ્ઞાન, આનંદ ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા છે. એવા નિજ સ્વભાવની અપેક્ષાએ કર્મના નિમિત્તથી થતાં.... 'જનિત' કીધુંને અહીંયા ? અનેક પ્રકારના ભાવ એનાથી **જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે. જેમ લાલ ફૂલના નિમિત્તે**.... ટીકાકાર દ્રષ્ટાંત આપે છે. **લાલ ફૂલના નિમિત્તે**... નિમિત્તે હોં. **સ્ફટિક લાલ રંગરૂપે દેખાય છે**. સ્ફટિક લાલ રંગરૂપે પરિણમે છે, દશામાં લાલ દેખાય છે. **પરંતુ તે લાલ રંગ સ્ફટિકનો નિજભાવ નથી**. છે એ નિજભાવ એનો ? 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે, શ્રી જિન વીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે.' આહાહા ! ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવની વાણીમાં એમ કહ્યું કે એ રીત છે. જે વાણીમાં એવો દિવ્યધ્વનિનો ધોધ (આવ્યો), એમાં આવ્યું કે જેટલો તારામાં રાગ આદિ દેખાય, એ સ્ફટિકમાં લાલ રંગ દેખાય એવી ચીજ છે. તું એવો નથી. સ્ફટિક જેમ નિર્મળ છે, એમ ચૈતન્ય ભગવાન ઝળહળ જ્યોતિ નિર્મળાનંદ ભગવાન છે.

જેમ **સ્ફટિક લાલ રંગ(રૂપે) પરિણમે, પરંતુ તે લાલ રંગ સ્ફટિકનો નિજભાવ નથી. સ્ફટિક સ્વચ્છતારૂપ પોતાના શ્વેત વર્ણથી બિરાજમાન છે**. આહાહા ! **લાલ રંગ છે તે સ્વરૂપમાં પેઠા સિવાય**... એ લાલપણું દેખાય, (પણ) સ્ફટિકના સ્વરૂપમાં લાલ રંગનો પ્રવેશ નથી. શ્વેત સ્વભાવ એવું જે સ્ફટિક એમાં એનો (-લાલ રંગનો) અભાવ છે. **ઉપર-ઉપર જ ઝલક માત્ર દેખાય છે**. આહા ! સમજાણું કાંઈ ? ૧૪મી ગાથામાં આવે છેને ? જળના દળમાં.... મીઠા પાણીનું દળ હોય આમ, એની ઉપર તેલના બિંદુ હોય, એ તેલના બિંદુની ચિકાશનો જળની સ્વચ્છતા ને દળમાં પ્રવેશ નથી. એ ઉપર ટપકે દેખાય છે. એમ ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ એ જ્ઞાનનું સ્વચ્છ દળ છે, એમાં એ પુણ્ય-પાપના ભાવની જે

લાલપ અને કાળપ દેખાય એ આત્માની નહીં. એ સ્ફટિક રત્નનો લાલ રંગ નહીં. ભારે કામ ભાઈ આકરૂં. આખું ઉથલપાથલ કરી નાખવું...

આ બધા મારા નહીં એમ કહેતાં પછી નાંખી ક્યાં દેવા એને ? નાખવા-કાઢવાની વાત જ ક્યાં છે ? મારા માને છે એને છોડીને મારું નહીં (એમ માનવું). હું તો ચિદાનંદસ્વરૂપ છું એમ માનવું એ બધા નાંખી દીધા એણે. અથવા જ્યાં હતાં ત્યાં રાખ્યા. પોતામાં નહોતા અને જ્યાં હતા ત્યાં રાખ્યા. પોતામાં નહોતા અને માન્યતાએ રાખ્યા હતા, એ માન્યતા છોડી દીધી. આહાહા ! કહો, સુમનભાઈ ! શું હશે આ બધું ? વિકલ્પો બધા ઉઠે (કે) તેલનું આમ કરવું, ફલાણું આમ કરવું. આહાહા ! એય મણિભાઈ ! હવે મણિભાઈ બહારથી નવરા થયા. આહાહા ! આ મોટરપાર્ટ્સ તમારી જેવા.... મોટરપાર્ટ્સ. અમે આમ કરીએ છીએ, મોટરપાર્ટ્સ આમ.... આને આવડે છે, ફલાણાને આવડતું નથી. આહાહા ! અરે ભગવાન! જેનાથી રહિત છો એની આવડત તને છે ? 'એની આવડત છે મને' એ માન્યતા જ મૂઢતા ને મિથ્યાત્વ છે. આહાહા ! કહો, સમજાણું કાંઈ ?

આ દવાનું જ્ઞાન, વકીલાતનું જ્ઞાન—એ આત્માનું નહીં. આહાહા ! ભાઈ ! શાસ્ત્રના જ્ઞાન એ આત્માના ક્યાં છે ? આહાહા ! જો એના જ્ઞાન હોય તો એને આનંદ આવવો જોઈએ. એ શાસ્ત્રના જ્ઞાનથી પણ રહિત છે. **असमाहितो**... આહાહા ! છતાં તેને સહિત માનવો, આહાહા ! એને અહીં પરમાત્મા ચોરાશીમાં રખડવાનું બીજડું કહે છે. આહાહા ! એ મિથ્યાત્વ જેવું કોઈ પાપ નથી, મિથ્યાત્વ જેવો કોઈ અધર્મ નથી, મિથ્યાત્વ જેવું કોઈ નરક ને નિગોદનું બીજડું નથી. આહાહા ! સમજાણું કાંઈ ? જ્ઞાની ભોગમાં અને ચક્રવર્તીપદમાં દેખાય, છતાં એ પદમાં નથી. આહાહા ! અને અજ્ઞાની ત્યાગી દેખાય બાહ્યથી, રાજ છોડે, સ્ત્રી-કુટુંબ છોડે, છતાં 'મેં છોડ્યાં' એ સહિત માન્યું છે એણે. સમજાણું કાંઈ ? આહા ! ભારે જવાબદારી ભાઈ !

કહે છે, એ **સ્વરૂપમાં પેઠા સિવાય ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે**. કોણ ? વિકાર. **ત્યાં રતનનો પારખુ ઝવેરી તો એમ જ જાણે છે અને અપારખુ પુરુષને સત્યરૂપ લાલ મણિની**... દેખો ! **સત્યરૂપ લાલ મણિની જેમ**... લાલ મણિ હોય છેને (લાલ) રંગનું ? લાલ રંગનું મણિ. **સત્યરૂપ લાલ....** એટલે શું કહે છે ? લાલ હોય છેને મણિ, એ તો સ્વચ્છ છે ને ? લાલ મણિ... એ મણિ હોય. **સત્યરૂપ લાલ મણિની જેમ લાલરંગરૂપ જ પ્રતિભાસે છે**. જેમ, 'લાલ મણિ હોય છે' એ સાચી વાત છે (એમ માને છે), એવો જ આ રાગ સહિત આત્માને માને છે. માની લીધો, બસ, માની લીધો. કોણે કહ્યું ? ... ઝવેરી

છે ને ? સાચી વાત છે. માણેક લાલ હોય છે. માણેક લાલ છે એ સાચી જ વાત છે, એવી રીતે સ્ફટિકને લાલ રંગવાળો માનવો એ મૂઢતા છે. આહાહા ! સમજાણું કાંઈ ?

લાલ હોય છેને ? છેને આપણે ઓલામાં અભિનંદન ગ્રંથમાં નીચે ? .... આહાહા ! **અપારખુ પુરુષને (સત્યરૂપ) લાલ મણિની જેમ લાલ રંગરૂપ જ** સ્ફટિક **ભાસે છે**. **તેવી જ રીતે**... આ દ્રષ્ટાંત થયો, **કર્મનિમિત્તથી આત્મા રાગાદિરૂપે પરિણમે છે**. કાંઈ પોતાના સ્વભાવને આશ્રયે પરિણમતો નથી. પરિણમવું એટલે થવું. પુણ્ય ને પાપની લાગણીઓ કર્મના નિમિત્તે–સંગે થાય છે. **તે રાગાદિ આત્માના નિજ ભાવ નથી**. આહાહા ! લાલચંદભાઈએ આ ગાથાઓ કાઢી છે. તે પુણ્ય ને પાપ... આહાહા ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવો જે રાગ—એ રાગાદિભાવ નિજ ભાવ નથી. આહાહા ! કાંઈ ખુશી થઈ જાય, આહાહા ! તીર્થંકરગોત્ર બંધાય. પણ તારે ન હોય, સાંભળને ! જેને બંધાય એ (જ્ઞાની) પોતાને માને (કે) મને બંધનેય નથી ને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ મારો નથી. આહાહા ! જેને વિકારના પરિણામ અને પર એનાથી છૂટ્યો છે, એને એવા ભાવ હોય, પણ એ ભાવ મારા છે એમ ધર્મીને હોતું નથી. આહાહા !

પંચ મહાવ્રતના પરિણામ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ વિકલ્પ ને રાગ છે. હવે એને એ ધર્મ માને અને કાં એનાથી સહિત માને. એનાથી રહિત હોવા છતાં સહિત માને, એ ચૈતન્યના નિર્મળાનંદસ્વરૂપને મિથ્યાત્વનું કલંક લગાડે છે. સમજાણું કાંઈ? આહાહા ! બાપુ ! સંસારના બીજથી છૂટવું ને આ મોક્ષના બીજને પકડવું, એ કાંઈ વાતું નથી. એ અનંત કાળે એણે કર્યું નથી. 'લીન થયો પ્રભુ પદ જપે, મુક્તિ કહાંસે હોય' આવે છે કે નહીં ? 'લીન ભયો પ્રભુ પદ...' હે નાથ ! હવે તો ઉઘાડ પ્રભુ ! આ દુઃખડા સહ્યા જાતા નથી. ભગવાન કહે છે કે એ દુઃખ છે એ તારા માનેલા છે, એ મેં કહ્યું નથી. સમજાણું કાંઈ ?

એવી દીનતાનો માણસ.... વાડીલાલ મોતીલાલનું આવ્યું છે એક ફેરી. ૭૧ની સાલની વાત છે. વાડીલાલ મોતીલાલ હતાને ? અમદાવાદ. જૈન સમાચાર. એમાં આ ચિત્ર આવ્યું હતું. (સંવત) ૧૯૭૧ની વાત છે. આમ પર્વત ઉપર ભગવાન છે માથે. ગૌતમ જાય છે. પણ જરી લૂગડાં પહેરીને જાય છે, તે લૂગડાંમાં ફટ ફટ પવન પવન બહુ ભરાય, (તેથી) ચઢતાં મુશ્કેલ પડે છે. હે ભગવાન ! આ બધું મને નડે છે આહીં આવતા. ભગવાન ન્યાંથી કહે છે.... એ ૭૧માં કહ્યું હતું. એ લાગણીના લૂગડાં છોડી દે. છોડ્યા વિના મારી પાસે નહીં અવાય. લૂગડે ઉપર જાવું છે. લૂગડાં એવાં હોય કે ફર-ફર પવન ભરાય એટલે રોકે એને. એમ વીતરાગ કહે છે કે જેને આત્મામાં આવવું હોય એને પુણ્ય-પાપની લાગણીના લૂગડાં

છોડીને અવાશે. સમજાણું કાંઈ ? એ લાગણીઓ સાથે રાખીને અંદર જવાય (નહીં). એ સાથે રાખે, એમ માને એ મિથ્યાદ્રષ્ટિ છે, એમ આહીં તો કહે છે. આહાહા !

ભારે માર્ગ ભાઈ ! ઓલો તો સોંઘોસટ કરી નાખ્યો. અપવાસ કરે તો નિર્જરા થઈ જાય, લ્યો. આ વરસીતપ કરે છે જુઓને. અપવાસ કરે, વરસીતપ કરે. એનું શું કરવું સમજણ વિના ? આ અપવાસ કરે, પોષા કરે, અઠ્ઠમ (કરે), ત્યાં એને થઈ ગઈ નિર્જરા, નિર્જરા થઈ ગયો ધર્મ અને ધર્મ થઈ ગયો મોક્ષનું કારણ. એલા ! એટલું કરતા નથી આવડ્યું અનંત કાળમાં. શરીર સારા હોય... એ અપવાસ કરે તો શરીર સૂકાઈ જાય અને ગણાય બહુ (ધર્મ). શરીરના ઠીક હોય એ બધા અપવાસે ચઢી જાય, બુદ્ધિના ઓલા હોય એ વાતુંએ ચઢી જાય, સમજાણું કાંઈ ? અને પૈસાવાળો હોય એ દાને ચઢી જાય. ત્રણેમાં ધર્મ થાય એમ માને એ લોકો. આહાહા ! ભાઈ ! એ ત્રણે ચીજથી જુદો છો. આહાહા ! એવા કર્મનિમિત્તથી.... (રાગાદિ) આત્માના નિજ ભાવ નથી. આત્મા પોતાની સ્વચ્છતારૂપ ચૈતન્યગુણમાં બિરાજમાન છે. આહાહા ! પ્રભુ તો પોતાની અસ્તિમાં જ્ઞાનાનંદની સ્વચ્છતામાં બિરાજે છે. એ રાગમાં આત્મા ને આત્મામાં રાગ, આહા ! આ ભેદ પાડવો....

**આત્મા પોતાની સ્વચ્છતારૂપ**... જેમ સ્ફટિક નિર્મળતામાં નિર્મળપણે બિરાજમાન છે. લાલમણિની પેઠે સ્ફટિક લાલ રંગવાળો થયો નથી. લાલથી તો નિર્મળ ભિન્ન રહ્યું છે એ. એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તથી (થતા) પુણ્ય-પાપના વિકલ્પ ને ભાવ એના રંગ સહિત થયો નથી. રાગના રંગભાવ સહિત થયો નથી. એનાથી રહિત ચૈતન્ય બિરાજે છે. આહાહા ! જ્યાં નજર નાંખતા રાગ નથી... આહા ! સમજાણું કાંઈ ! આ બહુ કરવાનું આકરું પણ હોં. કોઈ ગુરુની કૃપા થઈ જાય ને પરમેશ્વરની દયા થઈ જાય (તો) ન થાય ? પરમેશ્વર એવા હશે દયા વિનાના ?

ત્યાં ઉતર્યા હતા.... હતાને તમારા કાંતિભાઈ. પરમાત્માની કૃપાથી બધું સરખું થયું. ભાઈ ! ત્યાં ગયા હતાને હમણાં ? (શ્રોતા : રાજકોટ.) રાજકોટ. રાતે બે જણ આવ્યા. અમારે ખોલવું હતું (-ઉદઘાટન કરવું હતું, તો) નામ લખવું હતું. 'કુંદકુંદ' એટલું નામ લખવું હતું. નામ લખવું હતું તો હવે (લખવાવાળા) ગોતવા ક્યાં ? ત્યાં ૧૧ વાગે ૨ જણ આવ્યા. શું કામ છે તમારે ....? ખબર પડી હોય કો'કને. બધા ધંધાવાળા ધ્યાન રાખતા હોયને ? ન્યાં ક્યાં પરમેશ્વરે મોકલ્યા હતા ? પણ ઓલા કહે કે આમ પરમાત્માની કૃપાથી બધું.... લોકો તો એમ કહે, આપની કૃપાથી અમારે બધું સરખું થઈ ગયું. વળી એમ કહે. કોઈની કૃપાથી નહીં, એ તો થવાનું હોય એ બહારથી થાય. કૃપા-બિપા ક્યાં કામ કરતી હતી ? ...ને જગતને ભ્રમણાના ભંડારમાં ઉતારી દીધો છે.

કહે છે, **રાગાદિ છે તે સ્વરૂપમાં પેઠા વિના**... છે ને અંદર ? એ સ્ફટિકમણિમાં લાલ ફૂલના સંગે લાલપની ઝાંય જે દેખાય, એ સ્ફટિકમણિની સ્વચ્છતામાં એ લાલપણું પેઠું નથી. એમ કર્મના નિમિત્તે થતો વિકલ્પ શુભ ને અશુભ રાગ, એ અંદર પ્રભુ આત્માની સ્વચ્છતામાં પેઠા નથી, ભિન્ન છે. આહાહા ! એને, ઉપાર્જેલો રાગનો કર્તા થઈને અજ્ઞાન બાળે છે. એ રાગ અંદરમાં નથી, કહે છે. સમજાણું કાંઈ ? આવો માર્ગ પરમાત્માનો છે, આથી કોઈ બીજી રીતે ઢીલો ને બીજી રીતે બતાવશે, (તો) જિંદગી ઉજાડશે એની. આહાહા ! સમજાણું કાંઈ ? ભાઈ ! બીજા ધર્મ કરે તો આપણે... કોઈ કરે, કોઈ કરાવે ને કોઈ અનુમોદે, લ્યો. કો'ક ધર્મ કરતા હોય એમાં આપણે અનુમોદવું. પણ તારો અનુમોદનનો વિકલ્પ રાગ છે, સાંભળને ! અનુમોદના ક્યાં થઈ છે એ ? આહાહા !

કહે છે, **રાગાદિ છે તે સ્વરૂપમાં પેઠા વિના ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે**. અરે ! સ્ફટિકમણિમાં લાલ રંગની જે ઝાંય દેખાય એ ઉપર ઉપર દેખાય છે, અંદરમાં છે (નહીં). જેમ જળમાં તેલની ચિકાશના બિંદુ ઉપર ઉપર દેખાય છે, પાણીમાં એની ચિકાશ નથી. એમ ભગવાન આત્મા ચૈતન્યબિંબ હોવાવાળો પદાર્થ પ્રભુ એમાં પુણ્ય ને પાપની ઝલક ઉપર ઉપર દેખાય છે, અંદરમાં પેસતી નથી. આહા ! આ તે કંઈ શું કહે છે આ ? સમજાણું કાંઈ ? આહીં તો વ્યવહાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ—એ બધો રાગ ઉપર ઉપર તરે છે, અંદરમાં પેસતો નથી. આહા ! આ તે કંઈ વીતરાગી સ્વરૂપ ! એમાં રાગ કેવા ? કહે છે. આહા ! રાગની ગંધ કેવી અંદર ? એવા વીતરાગસ્વરૂપ ચૈતન્યપ્રભુ એની દ્રષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ ધર્મ છે. દરબાર ! ભારે આવી વાત !

**ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે**. ઝલક ખોટી હોં. આહાહા ! **ત્યાં જ્ઞાની સ્વરૂપના પરીક્ષક તો**.... ધર્મી જીવ તો સ્વરૂપની પરીક્ષા કરનારો છે. **એમ જ જાણે છે**.... એમ જ જાણે છે, એમ. **જ્ઞાની સ્વરૂપના પરીક્ષક તો એમ જ જાણે છે**... શું ? કે રાગાદિ ઉપર ઝલકે છે, અંદરમાં છે નહીં. એમ જ્ઞાની–ધર્મી માને છે. આહાહા ! ઓલો વ્યવહાર જાણે ઉપર.... ભાઈ ! એ તો એનું એ ઉપર.... આહાહા ! ચંદુભાઈ ! ૧૨મી ગાથામાં આવ્યુંને ? એ તો બીજી શૈલીએ વાત કરી છે. આહાહા ! હવે ઓલા કહે, વ્યવહાર કરવો.. વ્યવહાર કરવો.. અરે ! કરવાની વાત ક્યાં છે ? સાંભળને માળા ! આહાહા ! એ વિકલ્પો હોય છે, પૂર્ણ દશા પ્રાપ્ત ન હોય ત્યાં. એને એ જાણે છે કે મારામાં નથી, હું એનો જ્ઞાન કરનારો છું. આહાહા ! આવી સમ્યગ્દર્શનની રીત છે. એ વ્યવહારના વિકલ્પો....

કહે છે, **પરીક્ષક તો એમ જ જાણે છે**... કે મારામાં નથી. વ્યવહાર મારામાં નથી. એમ આવ્યું કે નહીં આમાં ચંદુભાઈ ? શું કીધું ? ભગવાનની ભક્તિ ને ભગવાનનું સ્મરણ— એ વિકલ્પ મારામાં નથી. મારામાં હોય તો તો મેલ થઈ ગયો. અંદર સ્વચ્છતા– નિર્મળતામાં ક્યાં આવ્યું ? આહાહા ! **અપરીક્ષક જીવોને સત્યરૂપ આત્મા**... સત્યરૂપ આત્મા એમ કીધું હતુંને ? લાલ મણિ... ભાઈ ! ઓલામાં 'સત્યરૂપ લાલ મણિ' કીધું હતું. એ અહીં સત્યરૂપ આત્મા.. સત્યરૂપ આત્મા... કીધુંને ? શું કીધું એ ? માણેક. એ લાલ માણેક એ તો સ્વરૂપ જ એનું છે. સ્ફટિકનું એ સ્વરૂપ નથી. એમ ભગવાન આત્મા **સત્યરૂપ આત્મા**, આહાહા ! સત્ સાહેબ પ્રભુ ! એ પ્રકાશદાસજી ! લ્યો, આ સત્ સાહેબ (આત્મા) છે. આહાહા !

**સત્યરૂપ આત્મા**... ત્રિકાળ સત્યરૂપસ્વરૂપ ભગવાન એ પુણ્ય-પાપના અસત્રૂપે કોઈ દિ' થયો નથી. આહાહા ! આ તે કંઈ દ્રષ્ટિના પલટા ! અને એના ફળ પણ મુક્તિ છે. આહાહા ! અને એને પોતાના માનવા એ સંસારના બીજડા છે. આહા ! બે વાત છે. ગોઠે એમ કર. **સત્યરૂપ** ભગવાન **આત્મા પુદ્ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે**. સત્યરૂપ આત્મા પુદ્ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ એને પ્રતિભાસે છે, એમ કહે છે. એ રાગ છે તે જ હું છું. આહાહા ! પર્યાયબુદ્ધિ છે ને આ ? વિકલ્પ ઉઠ્યો છે દયા-દાન-વ્રત-ભક્તિ આદિનો, એ જ હું છું. એવો રાગ કંઈ જડને હોય ? એમ. માટે મારે હોય. એમ અજ્ઞાનીને પુદ્ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે એમ.

**અહીં પ્રશ્ન—તમે જ રાગાદિભાવને જીવકૃત્ય કહ્યા હતા**. સમજાણું કાંઈ ? એ ૧૨મી ગાથા. એમાં નથી. ૧૨મી ગાથામાં કહ્યું. जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुरन्ये. પુસ્તકમાં છે ૧૨મી ગાથા. અહીં પુસ્તક રાખ્યું છે. આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય અહીંયા વસાવ્યા નથી ? ક્યાં છે ? થોડા છે કો'ક કહેતું હતું. એમ હોય ? આ કળશટીકા તો બહુ છે. ૨૦૦ છે..... કહો, સમજાણું કાંઈ ? કો'ક કહેતું હતું કે એક-બે છે. આમાં ધ્યેય હશે કો'કનો. આ શું કહેવાય ? કળશટીકા ૨૦૦ છે. એય, છબીલભાઈ ! જુઓ ! આ રહ્યા. અમારે કહે એવી રીતે, અમારા જેવાને ખબર નહીંને. ...... આહાહા !

કહે છે, **તમે જ રાગાદિભાવને જીવકૃત કહ્યા હતા**. ૧૨મી ગાથામાં. **અહીં તેને કર્મકૃત કેવી રીતે કહો છો ?** આહાહા ! સમજાણું કાંઈ ? એવો શિષ્યનો પ્રશ્ન છે. **તેનો ઉત્તર—રાગાદિભાવ ચેતનારૂપ છે**... એટલે ચેતનાભાસ–એની દશાનું રૂપ છે એમ કહે છે. એ કંઈ પરમાણુનું રૂપ નથી. એ રજકણ નથી, જડ અજીવ નથી. એ **રાગાદિભાવ ચેતનારૂપ છે તેથી એનો કર્તા જીવ જ છે**... આહાહા ! **પરંતુ અહીં શ્રદ્ધા કરાવવા માટે**

**મૂળભૂત જીવના શુદ્ધસ્વભાવની અપેક્ષાએ રાગાદિ ભાવ કર્મના નિમિત્તથી થાય છે તેથી કર્મકૃત કહ્યા.** આહાહા ! એનું વિશેષ (કહેશે).

(પ્રમાણ વચન ગુરુદેવ)

# પ્રવચન નં. ૨

## ગાથા ૧૪, ૧૫

ફાગણ વદ ૧૨, રવિવાર, તા. ૧૨-૩-૧૯૭૨

આ પુરૂષાર્થસિદ્ધિ ઉપાય, ૧૪મી ગાથા ચાલે છે. પાછળ છેલ્લી લીટી છે, જુઓ ! ફરીને લઈએ. પાનું છેને પાનું, એમાં છેલ્લી લીટી છે. એમાં કહ્યું છે ગાથાની શૈલી.

**અહીં પ્રશ્ન**... શું ચાલે છે આ વાત ? કે આ ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદમૂર્તિ આત્મા, એ વિકારીભાવ, ઉપાધિભાવ અને શરીર આદિ એનાથી અસમાહિત નામ સહિત નથી. છતાં જ્ઞાયક ત્રિકાળી પોતાનો નિજસ્વભાવ શુદ્ધ આનંદસ્વરૂપ આત્મા એના અજ્ઞાનને લઈને, એ પુણ્ય ને પાપના ભાવ અને શરીર સહિત છું—એમ જે અંતરમાં ભાસવું એનું નામ ભવનું બીજ મિથ્યાત્વ છે. બહું ટૂંકું છે પણ છે.... એ ગાથામાં છે ને ? ત્યારે છેલ્લો પ્રશ્ન કર્યો. જુઓ ! છેલ્લી લીટી છે. **અહીં પ્રશ્ન—તમે જ રાગાદિભાવને જીવકૃત કહ્યા હતા**.... હવે, આ શું તમે કીધું ? પહેલેથી તો આપે એમ સમજાવ્યું અમને કે ભગવાન આત્મા ચૈતન્યબિંબ આનંદકંદ ધ્રુવસ્વભાવ છે, એને પુણ્ય-પાપના રાગવાળો જાણવો, માનવો, જે સહિત નથી છતાં સહિત માનવો—એને તો આપે ભવનું બીજ મિથ્યાત્વ કહ્યું હતું. વળી તમે જ કહ્યું હતું કે વિકારીભાવ જીવકૃત છે. સમજાણું કાંઈ ? ૧૨મી ગાથામાં આવ્યું હતું. ૧૨..૧૨.. જીવકૃતં.. ૧૨ ગાથામાં. સમજાય છે કાંઈ ?

આ તો મુદ્દાની રકમની વાત છે કે ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સત્યસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, પૂર્ણ આનંદ આદિ અનંત શક્તિનું પૂર્ણ રૂપ એવો આત્મા છે. એ આત્મા શરીર-વાણી-મન સહિત તો નથી, (પણ) રહિત છે, પણ એ પુણ્ય ને પાપના ભાવ.. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય, જે ભાવથી સ્વર્ગ મળે, જે ભાવથી ઊંચું આહારક શરીર થાય છે એવું બંધાય, જે ભાવથી પુણ્ય બાંધીને અબજો રૂપિયા મળે—એ ભાવ રહિત આત્મા છે. સમજાણું કાંઈ ? એને સહિત માનવો એ ભવનું બીજ મિથ્યાત્વ છે. આહાહા ! ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો, પ્રભુ ! આ તો બે વાત થઈ. **તમે જ રાગાદિભાવને જીવકૃત કહ્યા હતા**... પંડિતજી ! એમાં પહેલે એક આવ્યું હતું ભાઈ ! વ્યાપ્ય-વ્યાપકની વ્યાખ્યા આવી હતી. જે સહચર સાથે હોય એને વ્યાપ્તિ કહીએ. આવે છે કાંઈ તમારે સંસ્કૃતમાં ? એય ! (શ્રોતા : ....) હા, એ. એ સંસ્કૃતના પ્રોફેસર છે. આમાં છે, મૂળ મોટા શાસ્ત્રમાં છે. પાનામાં નથી. પેપર છે ? એ પાનું ૧૫ છે ૧૫.

નીચે છેને ? **વ્યાપ્ય-વ્યાપકભાવ એટલે શું**... છેલ્લો પેરેગ્રાફ. **તે કહીએ છીએ. નિયમથી સહચારી હોય તેને વ્યાપ્તિ કહે છે**. એટલે ? **જેમ ધુમાડા અને અગ્નિમાં સહચારીપણું છે. જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય અને અગ્નિ વિના ધુમાડો ન હોય.** બરાબર છે ? ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય અને અગ્નિ વિના ધુમાડો ન હોય. ધુમાડા વિના અગ્નિ હોય. અગ્નિ વિના ધુમાડો નહીં ને ધુમાડા વિના.... અગ્નિ ન હોય ને ધુમાડો હોય એમ છે (નહીં). એને વ્યાપ્તિ કહીએ. છેને ? **નિયમથી સહચારી હોય તેને વ્યાપ્તિ કહે છે**. જેમ ધુમાડાનું આવ્યુંને ? **તેમ રાગાદિભાવ**... પુણ્ય ને પાપની વિકલ્પદશા **અને આત્મામાં સહચારીપણું છે**.—સાથે રહેનાર છે. **જ્યાં રાગાદિ હોય ત્યાં આત્મા હોય જ. આત્મા વિના રાગાદિ ન હોય**. વસ્તુમાં હોય ? લાકડામાં હોય ? સમજાય છે કાંઈ ? પુણ્ય ને પાપના વિકલ્પો–આસ્રવો એ આત્મા વિના ન હોય. સમજાણું કાંઈ ? રાગાદિ હોય ત્યાં આત્મા હોય. આત્મા વિના એ પુણ્ય ને પાપના રાગભાવ હોય નહીં. પુણ્ય-પાપભાવ વિના આત્મા હોય એ જુદી વાત છે. જેમ ધુમાડા વિના અગ્નિ એકલી હોય, પણ ધુમાડો હોય ને અગ્નિ ન હોય અને અગ્નિ વિના ધુમાડો હોય (એમ બને નહીં). સમજાણું કાંઈ ?

આ તો જરી સંસ્કૃતમાં 'મોજુદ'ની વાત છે ખરી. એમ આત્મામાં... શરીર, વાણી, મન તો જુદી જડ ચીજ છે. પણ દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધના ભાવ જે રાગભાવ છે એ આત્મા વિના ન હોય. સમજાણું કાંઈ ? છે ને ? રાગાદિ હોય ત્યાં આત્મા હોય જ અને આત્મા વિના એકલા જડમાં રાગાદિ ન હોય. **આ વ્યાપ્તિક્રિયામાં**... આ વ્યાપ્તિ થઈ (એટલે) એકબીજાને સંબંધ થયો. રાગ-વિકલ્પ અને આત્મા, એવી ક્રિયામાં **જે કર્મ છે એને વ્યાપ્ય કહીએ**. કર્મ એટલે રાગ ને દ્વેષના પરિણામ એ વ્યાપ્તિનું કર્મ એટલે કાર્ય એને વ્યાપ્ય કહીએ અને **આત્મા કર્તા એને વ્યાપક કહીએ**. પર્યાય કર્તા ને દ્રવ્ય કર્તા નહીં— એ વાત અત્યારે અહીં નથી. જે સવારમાં આવે છે કે રાગ કે નિર્મળ પર્યાયનો કર્તા દ્રવ્ય નહીં. એ તો બેની ભિન્નતા પાડવા (કહ્યું). પણ પરથી ભિન્ન પાડવામાં પુણ્ય ને પાપના વિકલ્પ આત્મા વિના ન હોય. સમજાણું કાંઈ ?

રાગાદિ ન હોય ત્યાં આત્મા હોય, પણ આત્મા ન હોય ને રાગાદિ હોય (એમ બને નહીં). આરે ! આવું બધું શીખવું પડતું હશે ? એમ અહીંયા વ્યાપક... આત્મા કર્તા–વ્યાપક અને વિકારી પરિણામ કર્મ–વ્યાપ્તિ ક્રિયાનું કાર્ય તે એનું કર્મ. એટલે વ્યાપ્ય-વ્યાપક સંબંધ હોય ત્યાં કર્તા-કર્મ હોય એમ કહે છે. એ વાત અહીંયા સિદ્ધ કરી છે કે ભઈ ! કર્તૃત્વ તો તમે જીવને કીધું હતું. રાગાદિ, પુણ્ય-પાપના પરિણામ જીવનું કરેલું કાર્ય એનું વ્યાપ્ય છે

(અને) જીવ વ્યાપક છે. ઝીણી વાતું ભાઈ ! એમ કહ્યું હતુંને ? અહીં **તેને કર્મકૃત કેવી રીતે કહો છે ? તેનો ઉત્તર**. છે પાનામાં છે.

કહે છે કે **રાગાદિભાવ ચેતનારૂપ છે**... એ ચૈતન્યની દશામાં છે, કંઈ જડની દશામાં નથી. આહાહા ! કાંઈ લાકડાને રાગ ન હોય, પથરાને ન હોય. આને આ લોઢાને રાગ છે ? પુણ્ય ને પાપના ભાવ આત્મા વિના ન હોય. એમ ચેતનારૂપ છે એમ આપે કહ્યું હતું. **તેથી તેનો કર્તા જીવ જ છે**, **પરંતુ**... ઉત્તર આપે છે હવે. કર્તા તો જીવ છે, (પણ) અજ્ઞાનભાવે કરે ત્યાં સુધી.. અજ્ઞાનભાવે કરે ત્યાં સુધી. એ પુણ્ય ને પાપની લાગણીઓ દુઃખરૂપ આકુળતા છે. આહાહા ! એને એ જીવ કરે છે. કાંઈ પુદ્‌ગલ કરે છે ને કર્મ કરે છે અને જડમાં રાગ થાય છે—એમ નથી. આહાહા ! કહો, સુમનભાઈ ! આ તો સમજાય એવું છે હોં. લોજીકથી આવે છે વાત જરી. એ પણ આવું તમારે ન્યાં તેલમાં આવે ? આહાહા ! **પરંતુ અહીં શ્રદ્ધા કરાવવા માટે**... દેખો ! ભાષા. એ ચીજ તારી નહીં. તારી હોય એ ત્રિકાળ રહે અને ત્રિકાળ રહે તે તારી હોય. આહા ! એવો ત્રિકાળી ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ, સત્ નામ શાશ્વત (અને) જ્ઞાનનો પૂંજ અને આનંદનો પરિપૂર્ણ... સવારમાં આવ્યું હતુંને ? જ્ઞાન ને દર્શનથી પરિપૂર્ણ વસ્તુ છે. વસ્તુ એક, એમાં અનંત ગુણનું પરિપૂર્ણ એનું સ્વરૂપનું રૂપ છે. આહાહા ! એવા સ્વરૂપની શ્રદ્ધા કરાવવા.... સમજાણું કાંઈ ? આહાહા ! છે ને ?

**અહીં શ્રદ્ધા કરાવવા માટે મૂળભૂત જીવના શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ** કહ્યું છે. આહાહા ! મૂળભૂત.. એ ત્રિકાળી ભગવાન આત્મા જ્ઞાન ને આનંદથી પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો પદાર્થ છે, એની શ્રદ્ધા અને એનો અનુભવ કરાવવા, રાગાદિભાવ કર્મના નિમિત્તથી થાય છે તેથી કર્મકૃત કહ્યા છે. કહો, ચંદુભાઈ ! લ્યો, આ થોડું સ્પષ્ટીકરણ થયું. એ કહે, આ ભૂતડામાં આવશે એ કરતાં થોડું.... કહો, સમજાણું કાંઈ ? દાખલો ભૂતડાનો આવે છેને આપણે ? આહાહા ! ભગવાન કાયમ રહેનારી ચીજ–અવિનાશી વસ્તુ છે અને એમાં જ્ઞાન, દર્શન, આનંદ એવા એનો પરિપૂર્ણ સ્વભાવ છે અને અવિનાશી ત્રિકાળ આત્માની સાથે રહેનારા છે. એવા ત્રિકાળી સ્વભાવવાનના ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા કરાવવા **असमाहितो** (હોવા છતાં) સમાહિતો ભાસે એમ જે કહ્યું, એનો અર્થ કરે છે આ. ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ, એ પુણ્ય ને પાપના વિકાર અને શરીરથી રહિત છે. ભગવાન ! તારી ચીજ રહિત છે. ત્યાં દ્રષ્ટિ મૂક. જેનાથી રહિત છે એના ઉપરની દ્રષ્ટિ છોડી દે. અનંત.. અનંત.. આનંદ ને જ્ઞાનનો સાગર ભગવાન ત્યાં દ્રષ્ટિ મૂક, જેનાથી સહિત છે. આહાહા ! સમજાણું કાંઈ ?

**શુદ્ધસ્વભાવની અપેક્ષાએ**... એમ કહ્યુંને ? ઓલો પુણ્ય-પાપનો ભાવ એ અશુદ્ધભાવ છે અને ક્ષણિક છે, અનિત્ય છે, ઉપાધિ છે, કર્મના નિમિત્તના સંગે થયેલી ઉપાધિ છે. જેમ સ્ફટિકમાં લાલ અને પીળા ફૂલના સંગે સ્ફટિકમાં લાલ અને પીળી ઝાંય દેખાય છે એ સ્ફટિકનું સ્વરૂપ નથી. સ્ફટિક એ પરિણામનો કર્તા અને એ પરિણામ એનું કર્મ છે, પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ.... આહાહા ! એ સ્ફટિકની નિર્મળતા–ઉજ્જવળતા એની અપેક્ષાએ જે ફૂલના સંગમાં લાલ રંગની ઝલક દેખાય એ એની નહીં. એ સ્ફટિકની સ્વચ્છતાની પ્રતીતિ કરાવવા 'આ એનું નથી' એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? આહાહા ! એણે અનંત કાળમાં જીવનો સ્વભાવ શું છે એની એણે શ્રદ્ધા કરી જ નથી. આહીં તો શુદ્ધની શ્રદ્ધા કરાવવા, અશુદ્ધતા એની નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? આહાહા !

આ શરીર-વાણી-મન તો ક્યાંક રહ્યા, એ તો પર છે. આહાહા ! પણ એને એટલી નથી ખબર પડતી ? કે દેહ છોડે ત્યારે એકલો આત્મા ચાલ્યો જાય છે. આ ધૂળેય સાથે નથી આવતી. એ રજકણ પડ્યા (રહ્યા).. લ્યો. બાયડી-છોકરા-કુટુંબ.. ભર્યા ઘરમાંથી કેમ (જવું) કેમ ગોઠ્યું—એમ બાયું રોવે છેને ઓલા મરે ત્યારે. ભર્યા ઘરમાંથી જઈને સ્મશાનમાં કેમ (ગોઠ્યું) ? ક્યાં એને ગોઠતું હતું ન્યાં ? હવે ઘર ભર્યું કે દિ' હતું ? એ તો જગતના જડના ભરેલા પદાર્થ (-શરીર)માં અંદર આવ્યો હતો. આવ્યો ને એણે માન્યું હતું કે આ મારા છે. મૂઢ થઈને પકડીને બેઠો હતો. એ તો એને પ્રત્યક્ષ દેખાય છે કે એ છોડે ત્યારે કાંઈ રહેતું નથી. જીવ ગ્યો ? 'જીવ ગ્યો' એમ કહે છે ને ? આ રહ્યું બધું. એ કાંઈ એનું નહોતું, એનામાં નહોતું, એનું થઈને રહ્યું નહોતું. બરાબર હશે આ ? આ બધું જાડું શરીર છે મોટું, લ્યો આહાહા ! એ (શરીરાદિ) તો એના નથી, એની મારા(રૂપની) શ્રદ્ધા હોય એ તો છોડ, પણ પુણ્ય-પાપના ભાવ મારા છે એવી શ્રદ્ધા છોડ એ માટે કહ્યું છે અહીં તો. કારણ કે ત્રિકાળી સ્વભાવ સાથે કૃત્રિમ ક્ષણિક ઉપાધિ મારી છે એમ માનવું એ ભવનું બીજ છે. સમજાણું કાંઈ ? આહાહા !

એ કહે છે, અહીં શ્રદ્ધા–સમ્યગ્દર્શન.... ત્રિકાળી ચૈતન્ય સ્વભાવ પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા... આહાહા ! કેમ બેસે ? પામર થઈને બેઠો એને પ્રભુ કેમ બેસે ? એની પોતાની પ્રભુતા હોં. આહાહા ! કહે છે અહીંયા કે એની ત્રિકાળી પ્રભુત્વશક્તિ.. જ્ઞાનની પ્રભુતા, દર્શનની પ્રભુતા, આનંદની પ્રભુતા, સ્વચ્છતાની પ્રભુતા—એવી અનંત શક્તિની પ્રભુતા જેનો–આત્માનો સ્વભાવ છે. એની શ્રદ્ધા કરાવવા કે જે શ્રદ્ધા મોક્ષનું બીજ છે... સમજાણું કાંઈ ? આહાહા ! એ **શ્રદ્ધા કરાવવા માટે મૂળભૂત જીવના શુદ્ધસ્વભાવ**...

દેખો ! ઓલું પુણ્ય-પાપ એનું કરેલું કર્મ ખરું, પણ એ મૂળભૂત સ્વભાવ નહીં. કૃત્રિમ અજ્ઞાનપણે અને અસ્થિરતાપણે ઊભો કરેલો ભાવ છે. આહાહા ! એને ઓળંગી જઈ... ભગવાન ચિદાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આનંદનો ધામ ત્યાં દ્રષ્ટિ મૂક. એ સ્વભાવ સહિત છે, વિભાવ સહિત નથી. સમજાણું કાંઈ ? આહાહા ! ભારે વાતે ભાઈ આવું. હવે કરવાનું અંદર ને અંદર, ભૂલ્યો પણ અંદર ને અંદર. બહારમાં ભૂલે નહીં ને બહારમાં કરવાનું ન મળે. આહા !

કહે છે, એ **અપેક્ષાએ રાગાદિભાવ કર્મના**... ઓહોહો ! શુભ ને અશુભ ઉપાધિ, પુણ્ય ને પાપના ભાવ મારા, એ તો અનાદિ કાળથી ત્રિકાળી સ્વભાવને ભૂલી પર્યાયદ્રષ્ટિમાં—રાગની રુચિની દ્રષ્ટિમાં—એ મારા એમ તેં માન્યા છે, એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાઈ ? મિથ્યા નામ જૂઠા છે અને જૂઠાનું ફળ સંસારમાં રખડવાનું છે. આહાહા! આકરું ભારે પડે આ. એ ભાવ **કર્મના નિમિત્તથી થાય છે તેથી કર્મકૃત કહ્યા છે**. એનો સ્વભાવ નથી. હવે દ્રષ્ટાંત આપે છે. હવે આ ભૂતડું. ચંદુભાઈ કહે, કાલ ભૂતડાનો દાખલો આવશે.

**જેમ કોઈ મનુષ્યને ભૂત વળગ્યું હોય તો તે મનુષ્ય તે ભૂતના નિમિત્તે નાના પ્રકાર** એટલે અનેક પ્રકાર, અનેક પ્રકારની **વિપરીત ચેષ્ટા કરે છે**. ભૂતડું વળગ્યું હોય ભૂતડું. એક તો હોય જાણે વાંદરો અને એણે જાણે પીધો હોય દારૂ અને એને જાણે ભૂત વળગે અને કરડ્યો હોય વીંછી. સમજાણું કાંઈ ? જોઈ લ્યો. એક તો પોતે જાતે ચપળ, એમાં એને ભૂત વળગે, એમાં કોઈએ એને દારૂ પાયો હોય. આહાહા ! એમ આત્મા.... આ ભૂતનો દાખલો આપશે. **ભૂત વળગ્યું હોય તો તે મનુષ્ય તે ભૂતના નિમિત્તે નાના પ્રકાર** એટલે અનેક પ્રકારની **વિપરીત ચેષ્ટા** હોં. આ વાંદરો અમથો બેઠો હોયને તો એમ.. એમ.. (ચેષ્ટા) કર્યા કરે. જોયો છેને વાંદરાને ? એ વાંદરાને વળગે... આ ભૂતડું, ભૂત વળગે છે એને. આહાહા ! **તેથી તે ચેષ્ટાઓનો કર્તા તો મનુષ્ય જ છે**... ભૂત વળગ્યું હોય, એમાં ચેષ્ટા મનુષ્ય આમ કરે.. આમ કરે.. આમ કરે.. જંટિયા આમ બાઈયું કરે છે ને ? જંટિયા તાણે, આ કરે, આ કરે.... એનો **કર્તા તો મનુષ્ય જ છે પરંતુ તે ચેષ્ટા મનુષ્યનો નિજ ભાવ નથી**... ભૂતડું નીકળે એટલે ચેષ્ટા રહે નહીં. **માટે ચેષ્ટાઓને ભૂતકૃત કહીએ**. એ ચેષ્ટાને આ કારણે ભૂતની કરાયેલી કહીએ. કર્તા જીવ છે, છતાં એ ઉપાધિભાવ ભૂતનો છે એમ કહીને તેને કાઢી નખાવા માંગે છે.

**તેમ આ જીવ કર્મના નિમિત્તે નાના પ્રકારના (વિપરીત) ભાવોરૂપે પરિણમે**... આહાહા ! ભગવાન આનંદનો નાથ એ સાધારણ સાધારણ ભાવમાં.. આહાહા ! એક શાક

સારું થયું હોય, ભજીયા સારા તળેલા આવે ત્યાં ખુશી-ખુશી થઈ જાય હોં. અરે ! આજ તો કરકરિયા ભજીયા, કારેલાનું શાક અને રસકેરી અને ઘીમાં તળેલી પુરી. આહાહા ! ભગવાન ! શું થયું તને ? આહાહા ! આ કર્મના નિમિત્તે થતી અજ્ઞાનની ચેષ્ટા છે. આહાહા ! આનંદનો નાથ ! તારામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે ને પ્રભુ ! આહાહા ! તું તો નિત્યાનંદ છો. આહાહા ! ભાઈ ! તને આવું ક્યાંથી સૂઝ્યું ? કહે છે, કર્મના નિમિત્તે... ઓલા ભૂતડાને નિમિત્ત ચેષ્ટા કરે એટલે ચેષ્ટાનો કરનાર એ મનુષ્ય કહીએ, પણ ભૂતકૃત છે એમ કહીને એને કાઢી નખાવા માંગે છે. આહાહા ! સમજાણું કાંઈ ? મણિભાઈ ન આવ્યા અત્યારે. .... આહાહા !

કહે છે, એ સંયોગમાં કર્મનું નિમિત્ત છે અને એ મનુષ્યનો નિજભાવ નથી. **વિપરીત ભાવોરૂપે પરિણમે છે**. છે ને ? **તે ભાવનો કર્તા તો જીવ જ છે પરંતુ જીવનો નિજભાવ નથી તેથી તે ભાવને કર્મકૃત કહીએ. અથવા કર્મે રહેલા જે નાના પ્રકારના પર્યાય**... હવે શું કહે છે ? જડકર્મના નિમિત્તથી અનેક પ્રકારના પર્યાય તે શરીર, શરીરની અવસ્થાઓ રોગી, નિરોગી, ચેષ્ટા, આહાહા ! પગનું આમ હાલવું, હાથની આમ ચેષ્ટા થવી, આમ મલાવા—એ બધી જડની ક્રિયા, કર્મના નિમિત્તથી (થતી) શરીરની જડની બધી ક્રિયાઓ છે. આહા ! એને અજ્ઞાની પોતાની માને એ જ ભવનું બીજ છે, કહે છે. **પર્યાય, વર્ણ**— શરીરનો રંગ.. રંગ. આ તો ધૂળનો રંગ છે. આ સરખું, રૂપાળું, નમણું બધા અંગો દેખાય એટલે હું બહુ રૂપાળો છું. રૂપાળો તો જડ છે. આહાહા ! તારા રૂપમાં તો આનંદ ને જ્ઞાન ભર્યા છે, એ તારું ચૈતન્યસ્વરૂપ છે. આ રૂપ તારૂં છે ? પણ રૂપ દેખાડવા માટે તો મથે. આહાહા ! સમજાણું કાંઈ ?

ઓલા એક દાખલો નહોતો આપ્યો ? એક ફેરી આપ્યો હતો. એક હતી કોળણ.. કોળણ... ખમતીધર બાઈ હશે તે કૂબો સારો નવો કર્યો હશે. અને કૂબામાં રહેતી હતી, એમાં કાંઈ કડું સોનાનું આપ્યું હશે ૨૫-૫૦ રૂપિયાનું. તે દિ' સોંઘું હતુંને. ૨૫ રૂ. તોલો, ૨૪ રૂ. તોલો, બાર રૂપિયાનું ગલિયાણું. ઓલા કાંઈ પાંચ પાંચ ગલિયાણું... હવે કોઈ જોવા આવે નહીં. કરવું શું ? બતાવવું શી રીતે ? એમાં સળગાવ્યો, ઓલો કૂબો સળગાવ્યો. અને અરે ભાઈ ! આમ હાથ ઊંચો કરીને કડું બતાવવું છે. આ મારો કૂબો સળગ્યો. પણ શું છે ? આ કડું બતાવવા કૂબો સળગાવ્યો માળે ! સમજાણું કાંઈ ?

એમ અમારા શરીર આવા, અમે બાયડી-છોકરાવાળા, અમે ભર્યા ઘરવાળા અને આબરૂવાળા—એમ અમને જાણો ત્યાં જલસા કરે. માળો મૂરખ કૂબાનો કોળી જેવો છે. સમજાણું કાંઈ ? દરબાર ! આવું છે. અમે દરબાર છીએ, ગરાસદાર છીએ, અમને આટલી

પચાસ હજારની પેદાશ છે. જુઓ ! અહીંયા હવે આમ કરો. શું છે પણ આ ? ભૂતડું. આહાહા ! અમારા બાગ-બગીચા જુઓ ! આહાહા ! ૫૦-૫૦ લાખના બંગલા અને ઘરે ૫-૫, ૧૦-૧૦ લાખના દાગીના બાયડીયું ઉપર ખડક્યા હોય બધા આમ. ભૂતડું જેમ વળગે એમ બધું વળગાવ્યું હોય. આહાહા ! કહે છે કે એ બધાં મારા.. અરે ! એને તો ઠીક, પણ એની છોકરાની વહુ હોય અને ૫૦૦-૧૦૦૦-૫૦૦૦નો સાડલો પહેરાવ્યો હોય ને ક્યાંક લગ્ન પ્રસંગે નીકળે પહેરીને, બીજા એને બીજી નજરે જોવે, પણ આને એમ કે પણ મારો સાડલો તો બહાર આવે છે. આહાહા ! માળે ગજબ છે ને ! મારા ઘરનો પાંચ હજારનો સાડલો તો બહાર દેખે છે લોકો. આમ ઊંધો અજ્ઞાની અનાદિથી પોતાની જાતને ભૂલી, જે જાત એની નથી એને બતાવવા અભિમાન કરે છે, એ મિથ્યાત્વ ને અજ્ઞાન છે. આહાહા !

કહે છે કે **રંગ, ગંધ**... છેને ગંધ ? શરીરની સુગંધ હોય, કેટલાકને ..... શું કહેવાય એ ? વાયુ એનો ગંધ જ મારે, શ્વાસ મારે ગંધ અને ભગવાનને શ્વાસ હોય સુગંધ.. સુગંધ.. સુગંધ.. એ મારી છે, મારા શરીરની સુગંધ છે—એમ માનીને મૂઢ, ચૈતન્યસ્વરૂપ મારૂં છે એને ભૂલી જાય છે. આહા ! **રંગ, ગંધ, રસ**... રસ.. રસ.. ખાટા, મીઠા, ઊંચા, તીખા.. પૂરી ને પતરવેલિયા ભજીયા ને શ્રીખંડ ને પુરી, આહા ! દૂધપાક ને ચૂરમા બેય એક સાથે. ખબર છે ભાઈને. ગઢવામાં... ગઢવા શું કહેવાય ? ગઢકા છેને પાંચ ગાઉ... ..... બેઠા હતા. આપણા લક્ષ્મીચંદ હતાને આ ...... ગરાસિયાએ કરેલા કાંઈ ચૂરમો અને દૂધપાક બેય એકસાથે. શરીરે ઠીક નહોતું તોય બેય ખાધું. પછી વાત કરતા હતા આહીં. મને તે દિ' પણ એમ થયું કે આ શરીરને ઠીક નથી તોય .... નડ્યું નહીં હોં પણ. શાતાનો ઉદય હતો. પણ માળા જગતને બંને ચીજો ત્રણ-ત્રણ ચીજું સાથે ઉઠાવે. અરે ભગવાન ! આ તો જડ છે ને ? નાથ ! એનાથી વૃદ્ધિ ને એનાથી પુષ્ટિ—એ માન્યતા ભ્રમ અને અજ્ઞાન છે. આહાહા !

કહે છે, **સ્પર્શ**.. સુવાળું માખણ જેવું મારું શરીર છે. બાપા ! આ તો જડ છે ને ? નાથ ! આ અગ્નિ ઉઠશે આમાંથી. સળગશે ત્યારે શેરડા.. શેરડા ઉઠશે આમાં અગ્નિના. આ તો માટી છે. એને પોતાના માની... એ ભિન્ન છે પ્રત્યક્ષ દેખાય છે કહે છે. સમજાણું ? છતાં અજ્ઞાની ભૂતડાની પેઠે નાચે અને ચેષ્ટા કરે છે. આહાહા ! કાંઈક રળતા આવડ્યું હોય એનું એને અભિમાન હોય, એને આવડ્યું નહીં અને જુઓ ! મને આ દસ હજાર પેદા કરવા હોય તો વાતની વાત છે. એમાં શું છે ? ..... બાપા ! દસ હજાર પેદા કોણ કરે? દસ હજાર તારા ક્યાં હતા ? આહાહા !

કહે છે, એ પ્રત્યક્ષ ભિન્ન છે. **કર્મ**... એ જડકર્મ ભિન્ન છે. **દેવ-નારકી-મનુષ્ય-તિર્યંચશરીર**... આહાહા ! આ **સંહનન** નામ શરીરના હાડકાની મજબૂતાઈ પ્રત્યક્ષ ભિન્ન

છે. આહાહા ! **સંસ્થાન**—શરીરનો આકાર, ભેદ આ બધા **અથવા પુત્ર, મિત્ર, મકાન, ધન, ધાન્યાદિ ભેદ—એ બધાથી શુદ્ધાત્મા પ્રત્યક્ષ ભિન્ન જ છે**. .... કહે, પ્રત્યક્ષ ભિન્ન છે આ તો. એને ને આને કોઈ સંબંધ નથી.

**જેમ કોઈ મનુષ્ય અજ્ઞાની ગુરુના કહેવાથી એકાંત ઓરડામાં બેસી પાડાનું ધ્યાન કરવા લાગ્યો**... આવે છેને સમયસારમાં ? પાડાનું ધ્યાન કરવા લાગ્યો. **પોતાને પાડા સમાન મોટા શરીરવાળો ચિંતવવા લાગ્યો**... નાનો ઓરડો હતો, બારણુ નાનું હતું. અંદર બેઠો ત્યાં મોટો પાડા જેવો (છું એવો) વિચાર થઈ ગયો. ઓહોહો ! **આકાશ જેવડા મોટા શીંગડાવાળો માની હું આ ઓરડામાંથી કેવી રીતે નીકળીશ**... હવે માથું આમ શીંગડા મોટા થઈ ગયા જાણે એને ઓલા ધ્યાનમાં. માથું આમ કરવા લાગ્યો નીકળવા માટે. આહાહા ! **એમ ચિંતવવા લાગ્યો. તે પોતાને પાડો ન માને તો મનુષ્યસ્વરૂપ પોતે બની જ રહ્યો છે.** એ તો મનુષ્યસ્વરૂપ જ છે, પાડો ન માને તો.

**તેમ આ જીવ મોહના નિમિત્તથી પોતાને** વર્ણવાળો, ગંધવાળો, રસવાળો, પુત્રવાળો, સ્ત્રીવાળો **માની દેવાદિ પર્યાયમાં આવ્યો માને છે**. હું શરીરમાં આવ્યો છું, મનુષ્યમાં આવ્યો છું, ઢોરમાં આવ્યો છું. આહાહા ! ભાઈ ! તું ક્યાં આવ્યો છો ? એ તો શરીર છે. ભગવાન ! તું તો તારા સ્વરૂપમાં છો. બહુ તો તારી પર્યાયમાં આવ્યો છો અવસ્થામાં. પરમાં તો આવ્યો નથી. આહાહા ! મોહના નિમિત્તથી એને આવ્યો માને છે. **જો ન માને તો અમૂર્તિક શુદ્ધાત્મા પોતે બની રહેલો જ છે**. આ મારા નહીં એમ જો માને તો તો અરૂપી ચિદાનંદ ભગવાન જ છે. મારારૂપ એને માને છે અજ્ઞાનથી. મારા ન માને તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. આ માન્યતાના સ્વરૂપમાં ફેર પડતાં એ કાંઈ છે નહીં, એમ કહે છે. આહાહા !

જેમ મોટું ભૂતડું વળગ્યું અને ચેષ્ટા કરતો, ભૂત નીકળી ગયું તો ચેષ્ટા બંધ થઈ ગઈ. એમ માન્યતામાં એમ માન્યું હતું કે હું આવો છું. આહાહા ! કંઈકના મોટા કામ કરું છું અને આમ છે ને તેમ છે ને ફલાણું છે ને ઘણાં કામો મેં કર્યા. હું તો ........ આ સંસ્થાનો નાયક છું ને આ સંસ્થાનો ફલાણો છું ને આ સંસ્થાનો.... એય રમણિકભાઈ ! આટલા આટલા સંસ્થાના કામ માટે રવિવારે રવિવારે જાવું પડે, કલાક-કલાક જાવું પડે. આ કોનું ફૂંકે છે પણ તું ? શું કહે છે તું આ ? આહાહા ! આ અજ્ઞાનની ચેષ્ટા જાહેર કરે છે. છોડ એને, એ તું નહીં. હું તો ચૈતન્યમૂર્તિ ભગવાન છું એવી માન્યતા કરે તો વસ્તુ એવી ને એવી પડી છે, કહે છે. એમાં કંઈ ફેરફાર છે નહીં. આહાહા ! **ન માને તો અમૂર્તિક શુદ્ધાત્મા પોતે બની રહેલ છે. આ રીતે આ આત્મા કર્મજનિત રાગાદિભાવ...** છેને હવે છેલ્લો સરવાળો ? ઓલી

ભૂતકૃત જે ચેષ્ટા હતી... રાગાદિ.... અઘાતિકર્મનું ફળ સંયોગ છે, ઘાતિના નિમિત્ત તરફમાં રાગ છે. કર્મના નિમિત્તથી થતાં પુણ્ય-પાપના વિકલ્પો, આહાહા ! અને અઘાતિકર્મ નામ, ગોત્ર, શાતા એનાથી મળતા રંગ, ગંધ, શરીરના વર્ણ આદિ **તેનાથી સદાકાળ ભિન્ન છે**.

**કહ્યું છે કે**... જુઓ ! સમયસારનો શ્લોક (૧૪)માંથી ઉદ્ઘત કરેલ છે.

**वर्णद्या वा राग मोहादया वा, भिन्ना भावा: सर्वेएवास्य पुंस:**

આ અજ્ઞાની જીવોને આત્મા કર્મજનિત ભાવોથી ભૂતડાની નિમિત્તે ચેષ્ટા અને કર્મના નિમિત્તે વિકારની ચેષ્ટાઓ એનાથી સંયુક્ત પ્રતિભાસે છે. પાઠ છેને એનો એ ? બસ, એનો અર્થ ખાલી મેળવ્યો. **કર્મજનિત ભાવોથી સંયુક્ત પ્રતિભાસે છે**... હું રાગવાળો, હું પુણ્યવાળો, હું પાપવાળો.. આહાહા ! મેં શુભભાવ કર્યા, મેં પાપભાવ કર્યા, બીજા કરતાં હું ચડિયાતો પુણ્ય-પાપના ભાવમાં—એવા ભાવનો કર્તા.... સંયુક્ત નથી છતાં અજ્ઞાનમાં સહિત ભાસે છે. **खलु स: प्रतिभास: भवबीजम्**... ઓહોહો ! જ્ઞાનમાં એ પુણ્ય-પાપના ભાવ અને સંયોગી ચીજ એ પોતાની છે એમ ભાસે છે, એ મિથ્યાત્વ અને અજ્ઞાન જ સંસારમાં રખડવાનું બીજડું છે. સમજાણું કાંઈ ? **તે જ સંસારના બીજભૂત છે**.

**ભાવાર્થ** : **જેમ બધા વૃક્ષોના મૂળભૂત બીજ છે**... બધા વૃક્ષોનું મૂળભૂત બીજ છે. બીજ હોય તો વૃક્ષ થાયને ? **તેમ અનંત સંસારનું મૂળ**... અનંત અનંત કીડીઓ, કાગડા, કૂતરા, હાથી, નરક અને બટાટા, સકરકંદના ભવ. આહાહા ! ભૂલી ગયો પણ. પણ ભૂલી ગયો એટલે કાંઈ વસ્તુ નહોતી ? અનંત અનંત ભવમાં પરિભ્રમણ કરે છે. આહાહા ! કહે છે, તે **કર્મજનિત ભાવોને પોતાના માનવા તે** સંસારનું મૂળભૂત મિથ્યાત્વ છે. આ રાગ-દ્વેષના પરિણામને પણ (પોતાના) માનવા એ મિથ્યાત્વ છે, એમ કહે છે ભાઈ ! રાગ-દ્વેષ પરિણામ એ (મિથ્યાત્વ) નહીં એમ કહ્યું. રાગ-દ્વેષના પરિણામ મારા માનવા એ સંસારનું બીજ છે, રાગ-દ્વેષ નહીં. રાગ-દ્વેષ ... નહીં. શું કહ્યું ? થોડી ૧૫ મિનિટ છે. આજે છેને એટલે જરી ઉકેલવું છે. ભાઈએ કહ્યું હતું ચંદુભાઈએ. આહા ! આમાં તો આખો કલાક પૂરો થાય એવી ચીજ છે. કાલથી...

કહે છે, **અનંત સંસારનું મૂળ** મહા જૂઠા મિથ્યાત્વભાવ, સત્યથી વિરુદ્ધ ભાવ, સત્સાહેબ ચિદાનંદ પ્રભુ એનાથી વિરુદ્ધના પુણ્ય ને પાપના ભાવને પોતાના માનવા, બસ આ વાત છે. એ રાગ-દ્વેષ સંસારનું બીજ છે એમ નથી કહ્યું. ચંદુભાઈ ! એ રાગ-દ્વેષના પરિણામ મારા માનવા એ મિથ્યાત્વ સંસારનું બીજ છે. આહાહા ! પંડિતજી ! આ તો બહુ સાદી ભાષા છે. આમાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને... આહાહા ! કહે છે, **જેમ બધા વૃક્ષોનું મૂળભૂત બીજ છે**. જે જાતનું બીજ હોય તે વૃક્ષ ફાલે. **તેમ અનંત સંસારનું મૂળ**... કર્મના

નિમિત્તના સંગે ઉપાધિભાવ–મેલો ભાવ–પુણ્ય-પાપનો ભાવ–શુભ-અશુભભાવને મારા માનવા એનું નામ ગ્રંથિ, એનું નામ મિથ્યાત્વ, એનું નામ અજ્ઞાન, એનું નામ ચાર ગતિમાં રખડવાનું બીજડું છે. આહાહા ! એ ટળે પછી રાગ-દ્વેષ થોડા રહે એ તો જ્ઞાતાનું જ્ઞેય છે. સમજાણું કાંઈ ? આહાહા ! એ શું કહ્યું ? કે પુણ્ય ને પાપના વિકલ્પ મારા નથી એમ ક્યારે મનાય ? શુભ ને અશુભની લાગણીઓ મારી નથી એ ક્યારે મનાય? કે એના તરફના વલણને છોડી અને અંતર્મુખ ચિદાનંદ ભગવાન એ (વિકલ્પ–રાગ) વિનાનો–રહિત છે એની અંતરદ્રષ્ટિ અને અનુભવ કરે, ત્યારે પુણ્ય-પાપ મારા નથી એમ એને મનાય. સમજાણું કાંઈ ? આહાહા ! આ એને કરવાનું સમ્યગ્દર્શન. વજુભાઈ ! આ તો સાવ સાદી ભાષા છે.

ભગવાન ! તું તો મહાપ્રભુ છોને ભાઈ ! એમાં આવી પામરતાના પરિણામ એ પ્રભુતા સાથે જોડવા.... ક્યારેક જોડવા.. હવે ત્યારે તોડવા શી રીતે ? તો કહે છે કે વર્તમાનમાં જે પુણ્ય ને પાપનો પ્રેમ અને રૂચિ છે એનું લક્ષ છોડી દે. આહાહા ! અને ચિદાનંદ સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા ત્યાં નિધાન ઉપર નજર કર, એ રાગની એકતાબુદ્ધિ તને ટળી જશે. જેને ગ્રંથિભેદ કહે છે એ ગ્રંથિનો ભેદ થઈ જશે—નાશ થઈ જશે. આહાહા ! સમજાણું કાંઈ ? રામાયણમાં ભાઈ આવે છે ભાઈ ! 'ગ્રંથિભેદ.' તુલસી રામાયણમાં છે ને ? ગ્રંથિ.. આ ગ્રંથિ હોં. આવે છે એમાં. એ ગ્રંથિભેદ કરવો એ આત્માનું જ્ઞાન છે. એ પોપટભાઈ ! આહાહા ! રમતો રામ ચૈતન્ય પોતાના સ્વરૂપમાં રમે અને રાગની રમતું છોડીને એકત્વ થાય, એને આત્મારામ કહેવામાં આવે છે.

ઓલા રાવણની વાત આવે છે ને ? સીતા ને રાવણ. સીતા વશમાં થાય.... એ તો સતી મહાસતી બ્રહ્મચારિણી સમકિતી જ્ઞાની હતા. વશ ન થાય. ત્યારે કો'કે કહ્યું એને રાવણને. અરે ! રામનું રૂપ લેને તો તને વશ થશે. એ રામનું ઉછીનું.... રાવણ કહે છે, અરે ! હું રામના રૂપ લઉં ત્યાં મને એ બેન તરીકે ભાસે છે. ત્યાં મારી કલ્પના બધી ઊડી જાય છે. વેષ લઉં ત્યાં ઊડી જાય છે. સમજાણું કાંઈ ? એમ કે તમે રામનું રૂપ લ્યો તો સીતા વશ (થાય). ભાઈ ! પણ જ્યાં રામનો વેશ પહેરું છું ને... હાથમાં એ કામઠું ને... આમ થાય ત્યાં... આહાહા ! અરે ! રામના ભેખે પણ જ્યાં સીતા બેન દેખાય, એ રામ હું થાઉં તો શું ન દેખાય ? સમજાણું કાંઈ ?

જેને રાગના રંગ ઉડ્યા અંદરથી, આહાહા ! હજી સમ્યગ્દર્શનનું રૂપ ધારણ કર્યું, ત્યાં ભગવાન ભાળ્યા. આહાહા ! રાગમાં રમતો એવી દ્રષ્ટિ જ્યાં છોડી, આનંદ અને જ્ઞાનમાં રમતો રામ પ્રભુ... આહાહા ! ૮ વર્ષની બાલિકા પણ જ્યારે આત્મજ્ઞાન પામે છે. આહાહા ! સમજાણું કાંઈ ? એને વર્તમાન પુણ્ય ને પાપના રંગનો રાગ છૂટી જાય છે અને

આનંદઘનો એને રંગ લાગે છે. હું તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છું. સમજાણું કાંઈ ? ફરતાં કેટલી વાર ? (શ્રોતા : એક સમય).

કન્યાનું સગપણ કર્યું. ૧૮-૨૦ વર્ષની કન્યા. ઘરમાં ૫૦ લાખ-કરોડની મૂડી. એ કન્યા એમ માનશે કે અમે કરોડપતિ છીએ. પણ જ્યાં સગપણ કર્યું, ખ્યાલમાં આવી ગયો કે ફલાણા ગામનો આ મૂરતિયો છે. આહીં કોલેજમાં ભણતો ત્યારે ઓળખતી હતી હું. એને બસોનો પગાર છે. એની બાપ પાસે લાખની-૫૦ હજારની મૂડી છે. આ ઘરની ધણી નહીં હવે. એ ઘર ને એ વર. એને વાર કેટલી લાગે ? છતાં એ પડી છે હજી આહીં. હજી લગન ન થાય ત્યાં સુધી આમાં રહેશે, વરસ-બે વરસ એને ઘરે રહેશે. એના ચીતરેલા શું કહેવાય ઓલા ? (શ્રોતા : ચાકળા.) ચાકળા ને ભરેલા નાળિયેર ને તોરણો, નાળિયેર, લૂગડાં.. સાંભળેલું હોય આપણે ક્યાં.... ? એને એમ થઈ જાય કે આ મેં કરેલા છે પણ મને આપે કે ન આપે, હવે હું ધણી નહીં. કેવા હોંશથી તોરણો કર્યા હોય, નારિયેળ મોતીથી ભર્યા હોય. આહા !

અરે ! ઈંઢોણી મોતીથી ભરે છે ને ? માથે મૂકે ત્યાં લટકતી આમ હોય. આ તો ભાળ્યું છેને, જોયું છે ને ? એ બધી ઈંઢોણીઓની પણ હું હવે ધણી નહીં હોં. પણ ઈંઢોણી અત્યારે નહીં તો બીજું હશે. એ ગામડામાં બધું છે હજી. ગામમાં ગયા હતા તે ઈંઢોણી મોતીની બાંધેલી માથે મૂકી બેગડે પાણી ભરવા જતી. એક ગામ છે. અંદર બધા ગામડા પણ જોયા હોયને. એ મોતીની ઈંઢોણી મૂકીને જાતી હતી ભરવા. કીધું, હા, હજી સાથે લપ લાગે છે. આહીં તો બીજું કહેવું છે. એના ભરેલા ભરતર.. શું કહેવાય એ ? ભરતર કહેવાયને ભરતર ? (શ્રોતા : ભરત) ભરત. ભરતર નહીં, ભરત. એ બધાનું સ્વામી(પણું) પણ ઊડી ગયું હોં. ઓલી હજી ગઈ નથી ત્યાં સ્વામી એની થઈ ગઈ. આહાહા !

એમ ભગવાન આત્મા... આહાહા ! પુણ્ય ને પાપના રસના રંગ જ્યાં ઉડ્યા, ત્યારે એને બધી સામગ્રીઓ ભલે હો, પણ એમાં દેખાય કે આ હું નહીં.. આ હું નહીં. હું ત્યાં તે નહીં અને તે ત્યાં હું નહીં. આહાહા ! આવી દ્રષ્ટિનો પલટો થવો એને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ ? આત્માનું ભાન થયું, પછી પણ રાગ-દ્વેષ અને સંયોગો દેખાય, હોય, એમાં રહ્યો દેખાય, પણ એ એના નહીં. સમજાણું કાંઈ ? વ્યાજે કો'કના પૈસા લાવ્યો હોય એ મૂડીમાં ખતવતો હશે ? આહાહા ! કો'કવાર પરણતો હોય અને વરઘોડા માટે સારા ઘરેથી લઈ આવ્યો હોય હાર મોતીનો, એ મૂડીમાં ખતવે ? એમ રાગ ને પુણ્યની રુચિ જ્યાં તૂટી, આહાહા ! ચિદાનંદ સ્વભાવની દ્રષ્ટિ ને રુચિ થઈ, હવે જે કાંઈ રાગાદિ ને બહાર સામગ્રી દેખાય એ મારી નહીં હોં. એમાં હું નહીં હોં, એ મને નહીં હોં, એ મારે કારણે

આવી છે એમ નહીં. આહાહા ! આવો દ્રષ્ટિનો પલટો થવો એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ ? એ અહીં બતાવવા ૧૪મી ગાથા.... લાલચંદભાઈએ આ લખીને મૂકી હતી. ૧૪મી ગાથા લખી હતીને. આ છપાવી હતી અહીંયા. **આવી રીતે અશુદ્ધતાનું કારણ બતાવ્યું**. લ્યો, આ બતાવ્યું. એ પુણ્ય ને પાપ મેલ મારો સ્વભાવ છે એ મિથ્યાત્વનું કારણ છે. એ અશુદ્ધતાનું કારણ બતાવ્યું.

હવે ૧૫મી જરી છપાણી નથી એમાં, પણ અહીં આપણે ૧૦ મિનિટ છે. (શ્રોતા : ઉપરથી). ઉપરથી. હવે કહે છે, ત્યારે હવે પુરુષાર્થસિદ્ધિનો ઉપાય... એ રાગની રુચિ છોડીને પુરુષાર્થસિદ્ધિ–આત્માના પુરુષાર્થની સિદ્ધિ કરવી—પુણ્ય-પાપનો પ્રેમ છોડી અને પુરુષાર્થ એટલે મોક્ષની સિદ્ધિ કરવી—એવો પુરુષાર્થ, આનું નામ પુરુષાર્થસિદ્ધિનો ઉપાય છે ને ? એમાં એવો અર્થ છે.... પહેલાં આવી ગયું છે. પૂરુ એટલે ઉત્તમ પદાર્થ એવો ચેતનાસ્વભાવ. પુરુષ.. પુરુષ.. પુરુ—ઉત્તમ ચૈતન્યસ્વભાવ, ષ—તે તે. જે ભગવાન પોતાના ઉત્તમ સ્વભાવમાં સ્વામીપણે રહે એને પુરુષ કહેવામાં આવે છે. આમાં છે પહેલા. એમ છે. શરૂઆતમાં છે ને ? બીજી-ત્રીજી કાંઈક છે. ત્રીજી.. ત્રીજીને ? નવમી. ઓહો ! ઘણું આઘું ગયું, લ્યો, નવમીમાં છે. એમાં શરૂઆત કરી છે ને.

**पुरुष चिदात्मा अस्ति – પુરૂષ છે તે ચૈતન્ય સ્વરૂપ છે**. **पुरु – ઉત્તમ ચેતના ગુણ**... આહાહા ! વ્યભિચારી રાગમાં સૂતો છે અને રાગને પોતાનો માને છે. આહાહા ! સમજાણું કાંઈ ? કહે છે કે પુરુષ અને પુરુષ આત્મા એને કહીએ, આહાહા ! ઉત્તમ ચેતના ગુણમાં **सेते** – સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ છે. આહાહા ! નવમી ગાથા છે. નવ.. નવ.. એ પુરુષ એને કહીએ. આહાહા ! સવારે કહ્યું હતું. રાગ અને દ્વેષની રચના કરે એ હીજડા જેવી દશા છે એની. અહીં ક્યાં કોઈ પાસે લેવાનું છે કે કોઈ ખુશી થાય તો પૈસા આપે ? માર્ગ આ છે. પુણ્ય ને પાપના વિકારી પરિણામની રચના જે વીર્ય રચે એ હીજડા જેવી વાત, નપુંસકતા જેવી વાત છે. ભગવાન આત્માનું વીર્ય એ તો આનંદ ને શાંતિ સ્વરૂપને રચે, એને અહીંયા આત્માનું વીર્ય કહેવામાં આવે છે. આહાહા !

કહે છે... છે ? **ઉત્તમ ચેતના ગુણ**... ભગવાનો ઉત્તમ ચેતના (ગુણ)—જાણવું, દેખવું, આનંદ, એ ગુણમાં (જે) **सेते** (તે) પુરુષ. 'ષ' છેને 'ષ' ? 'ષ' એ **सेते**. પંડિતજી ! 'પુરુષ'માંથી બે કાઢ્યા. પુરુ-ષ. **सेते**—સ્વામી થઈને પ્રવૃત્તે. હું તો આનંદ ને જ્ઞાનનો નાથ છું એમ જે સ્વરૂપમાં સ્વામી થઈને પ્રવર્તે, આહાહા ! એનું નામ પુરુષ છે. આહાહા ! મીરાબાઈને જ્યારે પરણ્યાને રાણા, ત્યારે રાણો કહે, હાલ હવે પટરાણી કરું. એ જાતની પંક્તિ હતીને એ જાતની. જોવા ગયા હતાં ત્યાં ચિત્તોડમાં. રાણા ! 'એ પરણી મારા

પિયુજીની સાથ, બીજાના મિંઢોળ નહીં બાંધું હવે.' મેં જેની સાથે–ઈશ્વર સાથે પ્રીતિ કરી, હવે હું બીજાને પતિ તરીકે માનું એ બીજાના મિંઢોળ હવે નહીં. આહાહા ! 'પરણી મારા પિયુજીની સાથ, એ બીજાના મિંઢોળ નહીં રે બાંધું, નહીં રે બાંધુ રે રાણા ! નહીં રે બાંધુ, નહીં રે બાંધું રે રાણા ! નહીં રે બાંધું, પરણી મારા પિયુજીની સાથ, બીજાના મિંઢોળ નહીં રે બાંધું.' એ પરણી મારા આત્માની સાથ, એ રાગના પ્રેમ હવે નહીં રે કરું. એ વાત છે. આહીં. આહાહા !

જેમાં મારી લગની લાગી... અરે ! સતીને પતિ એક હોય. આહા ! સમજાય છે કાંઈ ? એમ આત્માની પરિણતિને પતિ એક આત્મા હોય, એને રાગ ને પુણ્ય એનો પતિ ને સ્વામી (ન હોય). આહાહા ! અરે ! એના ચૈતન્યદુલારાની જે કિંમતું છે, એની એને ખબર નથી. હીરા ને માણેકથી પણ અમૂલ્ય—મૂલ્યાંકન જેનું ન થાય એવી એ ચીજ છે. આહા ! એવો જે ભગવાન આત્મા પોતાના ગુણમાં સ્વામી થઈને વર્તે. રાગમાં, પુણ્યમાં સ્વામી થઈને વર્તે એ પુરુષ નહીં, એ તો પારકે ઘેર જઈને સૂતો. આહાહા ! સમજાણું કાંઈ ? ભગવાન આનંદનો નાથ, ચૈતન્યસ્વભાવી પ્રભુ પોતાના ચૈતન્યના સ્વભાવનો સ્વામી થઈને પ્રવર્તે એને ભગવાન (અને) સંતો પુરુષ કહે છે. અને જે રાગ ને પુણ્યમાં મારા માનીને સૂવે, એને હીજડાઈ જેવી વાત કહે છે. આહાહા ! સમજાણું કાંઈ? એ અહીં ૧૫માં કહે છે.

**विपरीताभिनिवेशं निरस्य सम्यग्व्यवस्य निजतत्त्वम् ।**
**यत्तस्मादविचलनं स एव पुरुषार्थसिद्ध्युपायोऽयम् ।।१५।।**

**વિપરીત શ્રદ્ધાનો નાશ કરીને**... આહાહા ! અરે ! પરપદાર્થના પ્રેમ તો ક્યાં રહ્યા, પણ જેને પુણ્ય ને પાપના પરિણામના પ્રેમ અંદરથી ઉડી ગયા છે, આહાહા ! જેણે પુણ્ય ને પાપ મારા એવી માન્યતાનો જેણે નાશ કર્યો છે, જેણે અનંત કાળમાં એ કર્યું નહોતું... આહાહા ! સમજાણું કાંઈ ? કરવાનું હોય તો આ છે, ભાઈ ! કહે છે, જેણે વિપરીત શ્રદ્ધાનો નાશ કર્યો છે. જુઓ ! **નિજસ્વરૂપને યથાર્થપણે** જાણ્યું છે. આહાહા ! ભાવ–શુભ ને અશુભ ભાવો, એનાથી મારી ચીજ ભિન્ન છે એવું જેને આત્મજ્ઞાન થયું, એવી જેને આત્મશ્રદ્ધા થઈ, એણે 'રાગ મારો' એવી વિપરીત શ્રદ્ધાનો નાશ કર્યો છે. આહાહા !

અને **નિજસ્વરૂપને યથાર્થપણે**... ઓલો તો નાશ કર્યો, હવે થયું શું ? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાન ને આનંદનો ધામ (એવા) સ્વરૂપને જેણે જાણી લીધું અંદરથી. આહાહા ! એકને જેણે જાણ્યો, એણે બધાને જાણ્યો. શ્રીમદ્‌માં આવે છે ને ? 'જબ જાણ્યો નિજરૂપ કો, તબ જાણ્યો સબ લોક, ન જાણ્યો નિજરૂપકો, સબ જાણ્યો સો ફોક.' આહાહા ! ન્યાં તો એમેય આવ્યું છે કે મને (-દેવને) જાણ્યું એ ફોક, ગુરુને જાણે તો ફોક,

(જો) નિજસ્વરૂપને ન જાણે તો. એવો અર્થ છે અંદર હોં. સમજાણું કાંઈ ? એ આપણે શ્લોક છે, આમાં લખ્યો છે.....

કહે છે, એવું **જાણીને જે તે પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ ન થવું**.... આહાહા ! લાખ-કરોડ અનંત પ્રતિકૂળતા હો, દુનિયા એને પાગલ કહે, એને ગાંડો કહે. આ શું પણ ? આહા ! પુણ્ય-પાપ વિનાની ચીજ એ વળી તું છો ? આનંદ છે અને જોઈએ છે ? જોડે છે એની પાસે પડ્યું છે. એને અંતરમાં રાગની રુચિ છોડી અનંત કાળમાં કર્યું નથી એવું સમ્યગ્દર્શન કર્યું અને મિથ્યાશ્રદ્ધાનો જેણે નાશ કર્યો, આહા ! એ **પોતાના સ્વરૂપમાંથી ભ્રષ્ટ ન થવું તે જ આ પુરુષાર્થસિદ્ધિનો ઉપાય છે**. લ્યો, એ જ આત્માની સિદ્ધિ કરવાનો ઉપાય છે. આ ગાથા એવી છે. ચંદુભાઈ ! ૧૪માં કીધું એનો સાર લઈ લીધો. કરવાનું આ છે ભગવાન ! જો જન્મ સફળ કરવો હોય, નહીંતર એળે જાશે. આહાહા ! જેણે પુણ્ય-પાપના મલિનતાના ભાવ મારા એવી શ્રદ્ધા નાશ કરી અને ત્રિકાળી આનંદકંદ છું એવી જેણે શ્રદ્ધા પ્રગટ કરી અને અવિચળપણે ભ્રષ્ટ ન થાય, એને પુરુષાર્થસિદ્ધિ—પોતાના આત્માની સિદ્ધિનો ઉપાય હાથ લાગ્યો એમ એને કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરૂદેવ)